॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૮૧ - નવેમ્બર ૨૦૧૭

રૂા. ૫/૦૦




નૂતનવર્ષ વિક્રમ સંવત ૨૦૭૪ની પૂર્વ સંધ્યાએ દીપોત્સવથી દેદિપ્યમાન-ભુજ મંદિર



૨૦૭૪ નૂતન વર્ષારંભે અન્નકૂટ દર્શન - ભુજ



૨૦૭૪ નૂતન વર્ષારંભે અન્નકૂટ દર્શન-પ્રસાદી મંદિર-ભુજ



૨૦૭૪ નૂતન વર્ષારંભે અન્નકૂટ દર્શન-સ્મૃતિ મંદિર-ભુજ



દિવાળીના દિવસે ભુજ સભા મંડપમાં ચોપડા પૂજન તથા લક્ષ્મીપૂજન



ભુજ મંદિરના રંગમંડપમાં ફળોની રંગોળી



ભુજ મંદિરના મોટા સભામંડપમાં રંગોળી સ્પર્ધા ઉદ્‌ઘાટન



નૂતન વર્ષના દિવસે પરસ્પર સંતોનું મિલન-ભુજ



અલ્તુર્કી ઓમાન-અન્નકૂટ દર્શન



ગાંબીયા - સેનેગલ - અન્નકૂટ દર્શન



મસ્કત ગાલા કેમ્પ અલતૂર્કી- અન્નકૂટ દર્શન





લંડન બોલ્ટન-અન્નકૂટ દર્શન



ઓસ્ટ્રેલીયા એડેલાઈટ-અન્નકૂટ દર્શન





નૂતન વર્ષારંભે રંગોળી સાથે દીપોત્સવ તથા અન્નકૂટ દર્શન - અંજાર




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।

रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૭ અંક-૬ નવેમ્બર-૨૦૧૭
સળંગ અંક-૩૮૧

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય | ૫ |
| સમજણ દીકરીની | ૭ |
| પીપળિયાનાં માનબાઈ | ૯ |
| સત્સંગ સમાચાર દેશ | ૧૧ |
| સત્સંગ સમાચાર–વિદેશ | ૨૫ |
| શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી | ૩૪ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**



# તંત્રીની કલમે

સંવત્ ૨૦૭૩નું વર્ષ પુરું થાય છે અને સંવત્ ૨૦૭૪નું વર્ષ શરૂ થાય છે. જેમ જેમ સમય જાય છે તેમ તેમ આ જીવનનું એક વર્ષ પુરું થાય છે. અને બીજું વર્ષ શરુ થાય છે. ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮માં શ્રીજી મહારાજ સ્વમુખે કહે છે કે...

"જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનને તપાસવું. જે પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની વાસના હતી. એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો. અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડી થોડી નિરંતર ટાળવી. અને એમ વિચારે નહીં ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહીં. જેમ વણીકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચૂકવી દઈએ તો દેતા કઠણ ન પડે ને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે. તેમ નિરંતર વિચાર કરવો. અને મન છે તે જગતની વાસનાએ કરીને વસાણું છે. જેમ ફુલે કરીને તિલ વસાય છે. તેમ મનને ભગવાનનાં જે ચરિત્ર તેનું જે મહિમાએ સહિત નિત્ય સ્મરણ તે રૂપ ફુલને વિષે વાસવું. અને ભગવાનના ચરિત્રરૂપ જાળાને વિષે મનને ગૂંચવી મેલવું અને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા. એક શમ્યોને બીજો કરવો. બીજો શમ્યોને ત્રીજો કરવો. એમને એમ મનને નવરું રહેવા દેવું નહિં."

તે સત્સંગી માત્રએ શ્રીજીની આજ્ઞા મુજબ પ્રગતિનું સરવૈયું કાઢવું જોઈએ કે જેથી આપણને ખ્યાલ આવે કે, આપણે શ્રીજીને પામવાના માર્ગમાં સ્થિત થઈ ગયા છીએ કે શ્રીજી તરફનું અંતર ઓછું કરતા જઈએ છીએ. મનુષ્ય સમજે છે છતાં સમજતો નથી કે પ્રભુ વિનાનું જીવન શૂન્ય, શુષ્ક અને જડ છે. ભૂતકાળના મહાન પુરુષોના ઈતિહાસમાં એ સત્ય રહેલું છે કે જીવન-નૌકા પ્રભુને સોંપી ને, પ્રભુની આજ્ઞા મુજબ જીવન જીવનાર સુખી થાય છે. શ્રીજીની આજ્ઞાના પાલન સાથે શ્રીજીનું ભજન સ્મરણ કરતાં રહેશો.

ભક્તચિંતામણી ગ્રંથમાં શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજના સ્વમુખે કહેવાયાલ શબ્દોને આલેખતાં ગાયું છે કે,

"સુખ-દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજો સ્થિર મતિ,
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ.
એમ કરતાં જો પંડ પડશે તો આગળ સુખ છે અતિ ઘણું,
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સૌ સૌ તણું."

આ નૂતન વર્ષે ઉપરોક્ત બાબતોનું અનુસંધાન અને ખટકો રાખીએ જેથી સર્વમંગલકારી, સર્વેશ્વર, સર્વકારણ, સર્વવ્યાપક, પરાત્પર પરમાત્મા શ્રીહરિ, શ્રી નરાનારાયણદેવ તમો સર્વનું સર્વ પ્રકારે મંગળ કરો એવી તે પરમકૃપાળું પ્રભુ પ્રતિ સપ્રણામ પ્રાર્થના છે. નૂતન વર્ષના ઘણા ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ -૨

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - ભુજ (વેદાન્તાચાર્ય)

**-: સંપ્રદાયની ગુરુપરંપરા :-**

પરમાત્માને સમજવા માટે ધર્મ અને ધર્મને સમજવા માટે સંપ્રદાયોનું અવતરણ થયું. દરેક સંપ્રદાયમાં જ્ઞાન ગુરુપરંપરા હોય છે. કારણ કે ગુરુ વિના ધર્મ અને પરમાત્માને યથાર્થ જાણવા સરલ નથી, તેથી ગુરુના ઉપદેશથી, તેમના અનુગ્રહથી યથાર્થ ધર્મ અને પરમાત્માને ઓળખી શકાય છે. વૈદિક જ્ઞાનની પરંપરાનો ઉપદેશ આપતા હોય તેવા ગુરુના સાંનિધ્યમાં રહીને જિજ્ઞાસુઓ આધ્યાત્મિક માર્ગે આગળ વધે છે. આ ઉદ્ધવ (સ્વામિનારાયણ) સંપ્રદાયની ગુરુ પરંપરા દિવ્ય છે કારણ કે સ્વયં પરમાત્મા નારાયણ ભગવાને પ્રવર્તાવેલી આ ગુરુ પરંપરા છે. પૂર્વના લેખમાં આપણે ગુરુ પરંપરાનો ક્રમ જાણ્યો; તે મુજબ આ સંપ્રદાયની ગુરુ પરંપરામાં ગુરુ સ્થાને વિરાજતા આચાર્યો તેમજ સંતોનાં સાંનિધ્યમાં રહીને સાચુ વૈદિક જ્ઞાન પ્રાપ્ત કરીને પરમાત્માની જ્ઞાન પ્રાપ્તિ કરી લેવી એજ આપણું લક્ષ્ય હોવું જોઈએ. તેથી ગુરુ પ્રત્યે પૂજ્ય ભાવ રાખવો જોઈએ.‘‘**गुरूपदेशं विना स्वातन्त्र्येण सम्पादितं ज्ञानमतीव कुत्सयन्ति**’’ । ગુરુ વિના પ્રાપ્ત કરેલું જ્ઞાન બહુ નાનું ગણાય છે. તિરૂપતિ મંદિર દ્વારા પ્રકાશિત વિશિષ્ટદ્વૈત કોશના ઉપોદ્‌ઘાતમાં કહે છે ‘‘**ईश्वरवत् ततोऽधिकं वा गुरवः पूजनीया इति विदधति।**’’ ‘‘**ईश्वरभजनं विनाऽपि गुरुकृपैव सम्यक् क्रियमाणं सकलश्रेयोनिदानमामनन्ति ।**’’ (विशिष्टाद्वैत कोश)

શ્રીમત્ સત્સંગિજીવન શાસ્ત્રમાં કહ્યું છે -

‘‘**यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।**
**तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥**’’

(स.चतुर्थ.प्र.अ.४८.श्लो.९०) આ પ્રમાણે ગુરુનો મહિમા કહ્યો છે.

આ વિષયમાં દક્ષિણ ભારતમાં અતિ પ્રસિદ્ધ આલવાર ભક્તો થઈ ગયા. તેઓએ દ્રવિડગાથામાં સર્વેશ્વર શ્રીમન્નારાયણની સ્તુતિ નહીં કરીને વિષ્ણુ ભાગવતોત્તમ શ્રીશઠકોપમુનિની સ્તુતિ કરી છે. ‘‘**मुरारिस्मरणादपि शठारिस्मरणं मे रसावहम्**’’ મુરારી ભગવાનના સ્મરણથી શ્રીશઠારિમુનિનું સ્મરણ અધિક આનંદ આપનારું છે.

‘‘**अन्यं देवमहं न जानामि**’’ આ પ્રમાણે ગુરુ મધુરકવિ પ્રત્યે નિર્દેશ કર્યો છે. તેથી ગુરુનું સ્થાન ખરેખર બહુ મોટું છે.

‘‘**प्रश्नः- को प्रथमो गुरुः ?**
**उत्तरः - श्रियः पतिर्नारायणः**’’ (विशिष्टाद्वैत कोश)

આ વૈદિક (શ્રીવૈષ્ણવ અને ઉદ્ધવ) સંપ્રદાયમાં પ્રથમ ગુરુ સ્વયં નારાયણ ભગવાન છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે - ‘**तत्र प्रथमो गुरुः श्रियः पतिर्नारायणः**’ ‘‘**अथ वंशः पौतिमाष्यात्पौतिमाष्यो गौपवनात् गौपवनः पौतिमाष्यात्....** (बृ.अ.४ ब्रा.६म १)’’ આ પ્રમાણે ઉપક્રમ કરીને બ્રહ્મવિદ્યા ગુરુપરંપરાનો ઉપદેશ કરે છે.‘‘**सनातनात् सनातनः सनगात्सनगः परमेष्ठिनः परमेष्ठी ब्रह्मणो ब्रह्म स्वयंभुब्रह्मणे नमः ।**’’ (बृ.अ.४ब्रा.६मं३) આ પ્રમાણે ઉપસંહાર કરે છે. ભાષ્યમાં કહ્યું છે કે-‘‘**अज्ञातसम्प्रदायाया विद्याया अभ्युदयफलकत्वाभावे नानादरणीयत्वात्**’’ ‘**आचार्यवंशो ज्ञेयः**’ આ પ્રમાણે ‘**अथ वंश**’ શ્રવણથી વિદ્યાપ્રવર્તક આચાર્ય પરંપરાનો ઉપદેશ કરે છે.‘‘**वंशः शिष्याचार्यपरम्पराक्रमः**’’ એવું કહેવામાં આવ્યું છે. સર્વેશ્વર નારાયણ થકી શ્રી(લક્ષ્મીજી)તથા ચતુર્મુખ બ્રહ્માએ વેદવિદ્યા પ્રાપ્ત કરી હતી.‘‘**ब्रह्म नारायणः स्वयम्भु । स्वयमेव भवतीति स्वयम्भु ।**‘‘**उपदेशमन्तरेण विद्याप्रवर्तको भवतीत्यर्थः**’’ **ब्रह्मणे नम । सर्वगुरवे**

**ब्रह्मणे नारायणाय नमः।** ભગવાન નારાયણ સ્વયંભૂ છે. કોઈના ઉપદેશ વિના જ સ્વયં નારાયણ વિદ્યાપ્રવર્તક છે. શ્રીમન્નિગમાન્તમહાદેશિક **'ગુરુ પરંપરા સારોપક્રમ'** માં કહે છે કે ભગવાન નારાયણ સર્વના પ્રથમ ગુરુ છે. **''ममाप्यखिललोकानां गुरुर्नारायणो गुरुः'। 'त्वमेव बन्धुश्च गुरुत्वमेव' 'गुरुरसि गतिश्चासि जगताम्'** । આ પ્રમાણે કહેવાથી **''सर्वस्यापि लोकस्य परमाचार्यभूतः सर्वेश्वरः आदौ ब्रह्मणे वेदान् प्रदाय, तेषामपहारे प्रसक्ते पुनः प्रत्याहृत्य दत्वा, एतन्मुखेन शास्त्राणि प्रवर्त्य ... इति।'' अत आद्यो गुरुः सर्वेश्वरः ।** (विशिष्टाद्वैत कोश) સર્વે પરમ આચાર્ય સર્વેશ્વર પરમાત્મા નારાયણ સૌ પ્રથમ બ્રહ્માજીને ઉપદેશ કર્યો. ફરી જ્યારે જરૂર પડી ત્યારે શાસ્ત્રોનું પ્રવર્તન કર્યું. આ પ્રમાણે આ શ્રીવૈષ્ણવ સંપ્રદાયની વૈદિકજ્ઞાન પરંપરાના પ્રથમ પ્રવર્તક સ્વયં નારાયણ છે.

કહેવાય છે કે **''भगवता लक्ष्म्या अन्तःपुरे मान्त्रोद्धारक्रमेण द्वयमान्त्रोपदेशः साङ्गशरणागतिस्वरूपोपदेशश्च कृत इति श्रीप्रश्नसंहिता-सिद्धत्वात् शरणागतिशास्त्रविषये लक्ष्मीः द्वितीयगुरुः । संहितान्तरे च लक्ष्मीर्विष्वक्सेनाय शरणागतिशास्त्रमुपदिदेशेति प्रसिद्धतया विष्वक्सेनस्तृतीयो गुरुः।'' तदिमे त्रयः प्रथमे गुरवः - भगवान् नारायणः, श्रीमहालक्ष्मीः, विष्वक्सेनः इति ।''** (विशिष्टाद्वैत कोश)

ભગવાન નારાયણ અન્તઃપુરમાં લક્ષ્મીજીને દ્વયમન્ત્રનો અંગસહિત શરણાગતિનો ઉપદેશ આપ્યો હતો. તેથી શરણાગતિ શાસ્ત્રના વિષયમાં લક્ષ્મીજી દ્વિતીય ગુરુ છે. અને ત્યારપછી મહાલક્ષ્મીજીએ વિષ્વકસેનને શરણાગતિ શાસ્ત્રનો ઉપદેશ આપ્યો તેથી વિષ્વકસેન તૃતીય ગુરુ થયા. આ પ્રમાણે પ્રથમ ત્રણ ગુરુઓ થયા. પ્રથમ **નારાયણ** દ્વિતીય **લક્ષ્મીજી** અને તૃતીય **શ્રીવિષ્વકસેન.**

ત્રણે આચાર્યો દ્વારા પ્રવર્તિત શરણાગતિ શાસ્ત્રજ્ઞાનને જાણવા માટે **''अभिज्ञमाचार्यं वृत्वा शिष्याः तस्य सविधे वेदान्तग्रन्थान् रहस्यग्रन्थांश्च सनियममधीयते''** (विशिष्टाद्वैत कोश) ગુરુની પાસે નિયમાનુસાર શ્રદ્ધાપૂર્વક બેસીને **'कालक्षेपः'** સત્સંગ કરે તોજ શિષ્યમાં જ્ઞાનની અભિવૃદ્ધિ થાય છે.

ઉદ્ધવ સંપ્રદાયમાં શિષ્યોની જ્ઞાનવૃદ્ધિ માટે સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણે એક સુંદર પરંપરા ચલાવી છે. દિવસમાં પાંચ વખત શાસ્ત્રોની કથા-વાર્તા કરતા રહો અને સાંભળતા રહો. આ પ્રમાણે ગુરુમુખથી શાસ્ત્રોની વાતો સાંભળવાથી જ્ઞાનની અભિવૃદ્ધિ થતી રહે છે. શિક્ષાપત્રીમાં પણ એક સુંદર આજ્ઞા કરી છે. -

**श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् ।**
**प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥**

(शि.११७)

શ્રીમદ્ ભાગવત જેવા પવિત્ર મહાન ગ્રન્થોનું નિત્ય શ્રવણ કરવું જોઈએ. અને જે વિદ્વાન છે તેણે તો નિત્ય પાઠ કરવો જોઈએ. આ પ્રમાણે કરવાથી શાસ્ત્રજ્ઞાનની અભિવૃદ્ધિ થાય છે.

વચનામૃતમાં જેવી રીતે ગુરુ શિષ્યની વચ્ચે પ્રશ્નોત્તરીની સુંદર વ્યવસ્થા દેખાય છે તેનાથી સ્પષ્ટ થાય છે કે નિયમોનું અનુસરણ કરીને ગુરુ પાસેથી જ્ઞાન લેવું જોઈએ. આ ઉદ્ધવ સંપ્રદાયમાં ભગવાન શ્રીહરિએ સંતોની એક સુંદર પરંપરા ચલાવી જેના માધ્યમથી જ્ઞાનનો પ્રવાહ ભક્તોમાં સદાય વહેતો રહે. પ્રત્યેક ભક્તના ગુરુ કોઈને કોઈ સંત હોય જ છે અને ત્યાગાશ્રમમાં આવેલ મુમુક્ષુના ગુરુ પણ કોઈ સંત હોય જ છે. આવી રીતે સંતને ગુરુ માનીને તેમના સાનિધ્યમાં બેસીને જ્ઞાન પ્રાપ્તિ કરી શકે છે.

ક્રમશઃ

# સમજણ દીકરીની

- રમણિક ગોર-ભુજ

મિત્રો ! જીવનમાં દરેક સત્શાસ્ત્રો આપણને કાંઇક શિખામણ આપે છે અને તે પ્રમાણે ચાલનારા મનુષ્ય જીવનમાં સુખી તો જ થાય જો સજ્જન માણસોના જીવનમાંથી ઉપદેશ ગ્રહણ કરે. આજે આપણે એવા દૃષ્ટાંત ઉપર જશું જે આપણને આ લોકમાં કાંઇક ઉપયોગી થાય મિત્રો ! આજે આપણે વાત કરવી છે એક દીકરીની. કલ્પના આધારિત આ વાત કદાચ મારા અને તમારા જીવનમાં કાંઇક અંશે લાગુ પણ પડતી હશે તો ચાલો આજે આપણે જઇ રહ્યા છીએ કાલ્પનિક વાતને ક્યાંક જીવનલક્ષી બનાવીને દરેકને ઉપયોગી થવાય.

મિત્રો ! સુરત જેવા મોટા શહેરમાં મોટી ઈમારતના ૭મા માળે સુખી સંપન્ન પરિવાર રહે છે. દાદા-દાદી, માતા-પિતા સાથે રહેનારી દીકરી. નાનકડી પરી જેવી દીકરી ઉપર બધાયને હેત હોય તેમ દરેક સભ્યો દીકરીને પ્રેમથી ઉછેરે છે. સમયાનુસાર દાદા-દાદીના દેહાવસાન થયાં. દીકરીને દાદા-દાદીનું વહાલ મળવું બંધ થયું પણ માતા-પિતા ક્યારયે દીકરીને ઓછું ન આવે એવા પ્રયત્નો કરે છે. એમ કરતાં દીકરી અભ્યાસ કરતી થઇ. એમ કરતાં દીકરી પ્રાથમિક ધોરણ પૂર્ણ કરી માધ્યમિક શાળામાં આવી. ભણવામાં હોંશિયાર દીકરીને પરીક્ષા સમયે થોડી શરીરે કસર જણાઇ, તાવ, માથું દુઃખે છે. માતા તો દિવસ-રાત જોયા વગર દીકરીને કેમ કરતાં સારું થાય એ ઉપાયે સેવા કરે છે જે ઘરગથ્થુ ઉપાય અને ભગવાનને પ્રાર્થના. પણ કાંઇ સારું ન જણાતાં દવાખાને તેડી લાવ્યા. ડોકટરે દવા આપી થોડું સારું જણાયું પણ હજી શરીરમાં અશક્તિ છે. મિત્રો ! પિતા છે દીકરી માટે શું ન કરે ? શારીરિક થકાન ભૂલીને બાપ પોતાની દીકરી, હૃદયનો ટુકડો એની સેવા કરવા તત્પર પિતા પોતાના બધા દુઃખને ભૂલીને દીકરીને ખુશખુશાલ જોવામાં પોતાને ભાગ્યશાળી માને છે. અને દીકરી પણ નોકરીથી પિતાજી આવે એટલે કહે પપ્પા મારા માટે શું લાવ્યા ? બાપ કહે દીકરી તને જે જોઇએ તે બેટા. ના પપ્પા તમે જે લાવશો તે મારા માટે. અને મમ્મી પોતાની દીકરીને શિખામણ આપે કેવી શિખામણ તો દીકરી સાસરે જાય તો એને દુઃખ ન આવે એટલે કહે, બેટા આ વસ્તુ આવી રીતે ન કરાય, આમ ન થાય, સાસરે જઇશ ત્યારે શું કરીશ. માતાની શિખામણ અને પિતાના પ્રેમમાં દીકરી આગળ વધતી રહી.

મિત્રો ! એમ કરતા દીકરી કોલેજમાં આવી અને એક મિત્ર સાથે મન બાંધીને બેઠી, માતા-પિતાને ખબર નથી અને એક દિવસ એવો આવ્યો કે દીકરી ઘર છોડવા તૈયાર થઇ અને જે વાત બને છે તે પણ બહુ સમજવા જેવી છે. દીકરી એક રાતે માતા-પિતા ભરઊંઘમાં સૂતા છે ત્યારે ઊભી થઇ, માતા-પિતાની ઊંઘમાં ખલેલ ન પડે એવી રીતે માતા-પિતાના મુખ સામું જોયું, દૂરથી પગે લાગી, પણ નાનપણથી અત્યાર સુધી એના માટે માતા-પિતાએ પ્રેમ આપ્યો તે બધું ક્રમસર યાદ આવે છે અને આંખમાં આંસુ. છતાં અડધી રાતે ધીમેથી દરવાજો બંધ કરી પોતાને રાતના પ્રવાસ દરમ્યાન શું જરૂરી છે તે મોબાઇલ, રોકડ રૂપિયા વગેરે સાથે લીધું. અને જે મિત્રની સાથે જવાની છે તેને મોબાઇલ સમાચાર મોકલાવ્યા કે હું ઘરેથી નીકળી છું,ઘરથી બહાર નીકળીને ટેક્ષી કરી રેલ્વેસ્ટેશને આવે છે. વિચારમાં ને વિચારમાં પોતાને ધ્યાન ન રહ્યું એટલે ટેક્ષીચાલક કહે બહેન સ્ટેશન આવી ગયું. એટલે ટેક્ષીભાડાના રૂપિયા ચૂકવ્યા અને સ્ટેશન તરફ આગળ વધે છે. ત્યાં એનો મિત્ર જે પહેલેથી રાહ જોઇને ઊભો હતો ત્યાં આવ્યો. જેણે ટીકીટની બૂકીંગ કરાવી લીધેલ.

પણ જે ઉત્સાહ મિત્ર સાથે જવાની વાતો થયેલી અને ઘર છોડીને જવાની તૈયારી રાખેલ એ ઉત્સાહ આજે નથી. કારણ કે એને માતા પિતા દ્વારા મળેલા પ્રેમ અને શિખામણ યાદ આવે છે. મિત્રે હાથ પકડીને જલ્દી ચાલવા કહ્યું તેમ તેમ તેનું દીલ રડવા લાગ્યું અને વિચારે છે કે એક પ્રેમ મળવવાની જીદમાં દુનિયામાં સૌથી મોટા પ્રેમને ગુમાવવાનો દિવસ આવ્યો. જેમ કે મિત્ર સાથેના પ્રેમને કારણે માતા-પિતાનો જે અખંડ નિરંતર પ્રેમનું ઝરણું વહે છે તે ફરી ક્યારેય મળવું શક્ય નથી. આંખમાં આંસુ આવી ગયા અને અને મનમાં સંકલ્પ-વિકલ્પ થવા લાગ્યા એટલે એક જગ્યાએ બેસી ગઇ. અને એક વાક્યમાં જ મિત્રને કહે છે, મને માફ કરજે મિત્ર સોરી હું તારી સાથે નહીં ચાલી શકું, તું મને સ્વાર્થી કે ખોટી ના માનીશ પણ મારી એક વાત સાંભળ, આપણે અત્યારે ચાલ્યા જઇશું તો આપણા જીવનમાંથી ઘણી બધી વસ્તુઓ ચાલી જશે તે ફરી ક્યારેય મળવી શક્ય નથી. જેમ કે આપણા કુટુંબ પરિવાર, માતા-પિતાનો જે પ્રેમ જીવનભર મળેલ છે તે. આપણા સમાજમાં આપણું ખરાબ લાગે બદનામી થાય, હા કદાચ તને સારું પાત્ર મળી જશે પણ મને મારા માતા-પિતા નહીં મળે કે મારા માતા પિતાને મારા જેવી દીકરી નહીં મળે અને બદનામી રહે તે અલગ. એમને જીવનભર દુઃખી થવું પડે, એવું મારાથી નહીં થાય, મને માફ કરજે મિત્ર, મારા માતા-પિતાએ પોતાના દુઃખને ન ગણકારીને મારા સુખને માટે પોતાના સુખને જતું કરીને મારા દુઃખ દૂર કરવા જે પ્રયત્નો કર્યા છે તે મને યાદ આવે છે. જયારે હું ભણતી હતી મારી પરીક્ષા ચાલુ હતી ત્યારે અમારી બિલ્ડીંગની લીફ્ટ બંધ હતી તો મારા પિતાજી પોતાના ખભે બેસાડીને મને અમારા ઘર સુધી લઇ આવ્યા, મારી મા રાત-દિવસ જોયા વિના મારી પાસે બેસીને મારા માટે ભગવાનને પ્રાર્થના કરે, કોઇ વાતે મને દુઃખ પડવા ના દે એવા દેવ જેવા માતા પિતાને હું દુઃખી નહીં કરી શકું. દરેક માતા પિતાને પોતાના હાથે કન્યાદાન આપવાના અભરખા હોય, જે માતાએ પોતાની છાતીના પિયુશ પાઇને દીકરીને મોટી કરી, જે પિતાના હૃદયના ધબકાર સમી દીકરીના હાથ પીળા કરવા એના માટે જીવનભરનો અમુલ્ય લહાવો છે કન્યાદાન. ભગવાન પણ જો પૃથ્વી ઉપર આવીને કહે તો માતા-પિતાનો એ હક છે કન્યાદાન કરવાનો જે છે તે લઇ શકતા નથી. તો મિત્રએવા દેવ જેવા માતા પિતાને દુઃખી કરીને હું કેવી રીતે સુખી થઇશ. બસ મને માફ કરજે મિત્ર.

અને બંને રડી પડ્યા. મિત્ર પણ સમજી ગયો એને મનાવી નહીં શકાય એટલે જબરજસ્તી પ્રેમમાં સુખ ન મળે નિષ્ફળતા મળે. મિત્રની ખુશી મિત્રના સુખમાં છે એ ન્યાયે મિત્ર એને ઘર સુધી મુકવા ગયો અને આ બાજુ દીકરી પણ સુતેલા માતા-પિતાની વચ્ચે આવીને સુતી અને બંને ને પ્રેમથી ભેટી પડી.

મિત્રો ! આપણે પણ આ દૃષ્ટાંત વાર્તા આપણા જીવનમાં ઉતારીએ અને માતા-પિતા અને ભગવાનને રાજી કરીએ.

બસ એજ જય શ્રીસ્વામિનારાયણ !

**ગૌ સેવા અર્થે દાન**
**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ હેઠળ ચાલતી ગૌરક્ષણ સંસ્થાને આર્થિક સહયોગ**

**મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા સંતમંડળ સર્વની પ્રસન્નતાર્થે ગૌ સેવા દાન અંકે ૨૫૦૦૦૦/- અ.નિ. વાલજીભાઈ અરજણ લાલજી દબાસીયા ધ.પ. મંજુલાબેન તથા સુપુત્રી જેસીકા તથા સુપુત્ર ધીરેન તથા દિલ્પા પરિવાર હસ્તે માવિત્ર અરજણ લાલજી કચરા દબાસીયા તથા ધ.પ. માનબાઈ, માધાપર તરફથી ઉપરોક્ત કુટુંબના મોક્ષાર્થે ગૌસેવા અર્પણ કરેલ છે.**

# પીપળિયાનાં માનબાઈ

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ પૃથ્વી પરના આગમન સાથે અનેક યોગભ્રષ્ટ આત્માઓ પણ શ્રીહરિના સાંનિધ્યમાં રહીને પોતાના આત્યંતિક કલ્યાણ માટે જન્મ ધારણ કર્યે રાખતા હતા. મોરબીથી થોડા અંતરે મચ્છુ નદીના કાંઠે પીપળિયા નામે એક નાનું ગામ આવેલું છે. પૂર્વજન્મના અધુરા યોગે આ ગામમાં પટેલ જ્ઞાતિમાં બે આત્માઓએ દેહ ધારણ કર્યા. ગણેશભાઈ પટેલ અને તેમના બહેન માનબાઈ.

બંને ભાઈ-બહેન શુભ સંસ્કારે યુક્ત હતા. મુમુક્ષુ હોવાથી સદ્‌ગુરુની શોધમાં હતા. એમ તો પીપળિયા ગામના ચોરામાં રામમંદિરના પૂજારી રામદાસજી નિત્ય ભાગવત, રામાયણ, ગીતા ત્યાં આવતા લોકોને વાંચી સંભળાવતા બન્ને પરંતુ, તેમની વ્યક્તિગત રહેણીકરણી ઠીક ન હોવાથી ભાઈ-બહેનનું મન સ્થિર થતું નહીં. એક વખત ભાગ્ય જોગે પીપળિયા ગામની ઉત્તરમાં વસેલા ફગાસિયા ગામના પાદરમાં એક સંતનો યોગ થયો. સંત પોતે સાત્વિક વૃત્તિવાળા અને વયોવૃદ્ધ હતા. ભાઈ-બહેન તેમની સેવા કરતા, વાતો સાંભળતાં તેમનું મન આ સંત પાસે ઠર્યુ હોય એવી અનુભુતિ થવા લાગી, ભાઈ-બહેનની નિરંતર નિઃસ્વાર્થ સેવા, ભક્તિ અને શ્રદ્ધાથી સંતે રાજી થઈને આશીર્વાદ આપ્યા, ‘‘તમને પ્રગટ ભગવાન મળશે.’’

નિર્દોષ, વયોવૃદ્ધ સંતના શબ્દોને સાચા પાડવા માગતા હોય તેમ શ્રીહરિએ તેમના પર કૃપા કરી, ‘કરજીસણ’ ગામના વિપ્ર હરિભક્ત કે જે શ્રીહરિના સત્સંગી હતા તેમના યોગમાં આ બંને ભાઈ-બહેન આવ્યાં. નાનાલાલભાઈએ ગણેશ પટેલ તથા માનબાઈનાં અંતરમાં રહેલી મુમુક્ષુતાને ઓળખી લીધી. તેમણે બંને ભગવાન સ્વામિનારાયણના મહિમાની વાતો કરી. અને વાતો કરીને તેમને સત્સંગના રંગમાં રંગી નાખ્યા.

ગણેશ પટેલ તથા માનબાઈને શ્રીહરિનાં પ્રથમ દર્શન ત્યારે થયા જ્યારે શ્રીહરિ પોતાના કચ્છ વિચરણ દરમ્યાન માનકુવાથી પીપળિયા ગામે પધાર્યા. ગણેશ પટેલ મહારાજને પોતાને ઘરે તેડી ગયા. પધરામણી કરીને સુંદર ભોજન જમાડ્યું. મહારાજે બંનેને ઉદ્દેશીને કહ્યું, ‘‘તમો બંને ભાઈ-બહેન પૂર્વનાં મુક્ત છો. તમે અમારા કાર્યમાં સાથ દેવાને આવેલા છો.’’ મહારાજને પ્રાર્થનાના શબ્દોમાં કહ્યું, ‘‘હે મહારાજ ! તમારાં દર્શનથી અમારી મહેચ્છા પૂર્ણ થઈ ગઈ. અમારી ભવોભવની તરસ છિપાઈ ગઈ.’’

મહારાજે કહ્યું. ‘‘તમે બંને ભાઈ-બહેન પૂર્વે સમાધિની ઈચ્છા સાથે દેહત્યાગ કર્યો છે એ અધૂરી ઈચ્છાને પૂર્ણ કરવા આ વખતે તમને અમારો મેળાપ થયો છે. આ વખતે અમે તમારી ઈચ્છા પૂર્ણ કરીશું.’’ આટલું કહીને શ્રીહરિએ તેમને સમાધિની રીતની સમજણ આપી. શ્રીહરિની કૃપાથી માનબાઈને સહજ સમાધિની સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ. તેમની આ દૃષ્ટિથી તેઓ મહારાજનું અખંડ દર્શન કરતાં.

માનબાઈએ પોતાના ભાઈને કહ્યું, ‘‘ભાઈ, તમે મહારાજ, સંતો વગેરેને ગઢડા રસોઈ આપીને દર્શન કરી આવો ’’

ગણેશ પટેલ બહેનની ઈચ્છાને માન આપીને ગઢડા પહોંચ્યા. શ્રીજીમહારાજનાં દર્શન કરીને કહ્યું, ‘‘મહારાજ ! મારાબહેન માનબાઈએ ‘જય સ્વામિનારાયણ’ કહાવ્યા છે, તથા રૂા ૩૦૦/- રસોઈ માટે મોકલાવ્યા છે.’’ આટલું કહીને રૂા.૩૦૦/- મહારાજનાં ચરણમાં મૂક્યાં.

મહારાજે થોડી વાર ગણેશ પટેલ સામું જોયું અને ત્યાર પછી કહ્યું, ‘‘ગણેશ ભગત ! તમે જાણો છો કે હાલમાં અહીં ગોપીનાથજીના મંદિરનું બાંધકામ ચાલુ છે. હમણાં પૈસાની ઘટ પણ એવી જ છે. કારીગરોને પગાર પણ આપી શક્યા નથી. જો તમે રાજીખુશીથી ‘હા’ પાડો તો આ પૈસા અમારે કારીગરોના પગાર દેવામાં વાપરવા છે. જો તમારી મરજી હોય તો જ.’’

ગણેશ પટેલ તો આ સાંભળીને દંગ રહી ગયા. તેમણે કહ્યું, ‘‘મહારાજ ! આ રકમ માનબાઈએ અતિ

ભાવથી શ્રદ્ધા સહિત મોકલી છે. એમણે તો આ રૂપિયા તમોને રાજી કરવા મોકલ્યા છે. તમે આ રકમ ચાહે તેમાં વાપરો. જે કાર્યમાં ઉપયોગમાં લેવાથી તમો રાજી રહો તેમાં વાપરો.''

મહારાજ તો ગણેશ પટેલની વાત સાંભળીને અતિ પ્રસન્ન થકા બોલ્યા, ''માનબાઈની સમજણને અમે સારી રીતે જાણીએ-સમજીએ છીએ. તેમને સમાધિ સિદ્ધ પ્રાપ્તિનું કારણ પણ તેમની નિષ્કામ ભક્તિ જ છે.''

ત્યારબાદ મહારાજે માનબાઈના મોકલેલા રૂા. ૩૦૦/- માંથી કારીગરોના ચડત પગાર ચૂકવી દીધા. બંને ભાઈ-બહેને આજીવન સાંખ્યયોગ વ્રતનું પાલન કરીને જીવનને સાર્થક બનાવ્યું, સત્સંગની સેવા કરતાં કરતાં શ્રીજીમહારાજના રાજીપા સહિત અક્ષરધામમાં ગયા.

## આમંત્રણ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ ઉપસનાની દૃઢતા માટે ઠેક ઠેકાણે નવા મંદિરોના નિર્માણ કરવાની સેવા ભુજ મંદિર દ્વારા કરવામાં આવી રહી છે. આવા જ એક અંજાર તાલુકાના નિંગાળ ગામે મંદિરનું નવનિર્માણ થઈ રહ્યું છે.

નિંગાળ મધ્યે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ત્રિદિનાત્મક પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ નીચે મુજબના દિવસોમાં કરવામાં આવશે.

**પ્રારંભ : ફાગણ વદ ૪ તા. ૫-૩-૨૦૧૮ સોમવાર**
**પૂર્ણાહુતિ : ફાગણ વદ ૬ તા. ૭-૩-૨૦૧૮ બુધવાર**
**મૂર્તિપ્રતિષ્ઠા : ફાગણ વદ ૬ તા. ૭-૩-૨૦૧૮ના રોજ**

આ પ્રસંગે મહંત સ્વામી તથા વડીલ સંતો તેમજ દાતાશ્રીઓ ઉપસ્થિત રહી શોભામાં અભિવૃધ્ધિ કરશે.
તા. ૪-૩-૨૦૧૮ ફાગણ વદ ૩ રવિવારના સાંજે ૪:૩૦ કલાકે પોથીયાત્રાનું આયોજન કરેલ છે.
આ પ્રસંગે સર્વે સત્સંગી હરિભક્તોને સપરિવાર પધારી ઉત્સવનો આનંદ માણવા આમંત્રણ પાઠવવામાં આવે છે.

- પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર એવં વિદ્યાર્થી નિવાસનો

# રજતજયંતી મહોત્સવ

## તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૭

શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર એવં વિદ્યાર્થી નિવાસને આવતા ડિસેમ્બરમાં ૨૫ વર્ષ પૂર્ણ થાય છે તે નિમિત્તે 'રજત જયંતી મહોત્સવ'માં જોડાવા દેશ-વિદેશમાં વસતા તમામ સત્સંગી ભાઈ-બહેનોને તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વર્તમાન વિદ્યાર્થીઓને સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

સંસ્થાના સંપર્ક નંબર અને વેબસાઈટ તથા ફેસબૂક પેજ સાથે જોડાયેલા રહો જેથી ઉત્સવ વિશેની સમગ્ર માહિતી મળતી રહે અને સહઅભ્યાસી મિત્રોને પણ અવગત કરો જેથી બધાયને લાભ મળે તો સહકાર આપવા વિનંતી.

અધ્યક્ષ : પ.પૂ.સ.ગુ. પુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી    સંચાલક : પુ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી

**સ્થળ :- સ્મૃતિ મંદિર, સ્વામિનારાયણ વિદ્યાર્થી નિવાસ, ખેંગારજી પાર્ક, ભુજ -કચ્છ**

# સત્સંગ સમાચાર દેશ

## ચર્તુદશ શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર - ૨૦૭૪

ભુજ(મિરજાપર) ખાતે શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા તા. ૨૩ ઓક્ટોંબર થી ૨૭ ઓક્ટોંબર કચ્છ શ્રી નરનાયણદેવયુવક મંડળ તથા યુવતી મંડળની ચર્તદશ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશનાં ૧૧૦૦ થી વધારે યુવાનો તથા ૧૩૦૦થી વધુ યુવતીઓએ ભાગ લીધો હતો ત્યારે , યુવાપ્રજાના જીવન ઘડતર માટે ૫૦ જેટલા સંતો તથા ૨૦૦ જેટલા સાંખ્યયોગી બહેનોએ હાજરી આપી હતી. આ યુવાનો સત્સંગના બળથી વિશ્વના તમામ ક્ષેત્રે પ્રગતીના સોપાનો સર કરી શકે તેવા માનસિક રીતે સુસજ્જ કર્યા હતા.

**પ્રવેશ પ્રક્રીયા :-** સૌ યુવાનો તા. ૨૨-૧૦ નાં બપોર પછી શિબીર સ્થળે પહોંચી આવ્યા હતાં. ત્યાર પછી તમામ વિસ્તારોના સંયોજકોને પોત-પોતાના સમૂહનાં ઓળખપત્રો તથા સુવ્યવસ્થીત ઉતારાઓ આપ્યા હતાં. આ સંપૂર્ણ કાર્ય સ્વામી દેવચરણદાસજીના માર્ગદર્શન હેઠળ સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા સ્વામી નીલકંઠદાસજી એ સંભાળ્યું હતું .

**મંગલ ઉદ્‌ઘાટન :-** તા. ૨૩-૧૦ નાં સુપ્રભાતે વિદ્યાલયનાં મુખ્યદ્વારે પૂ. મહંત સ્વામી તથા વડીલ સંતોનું વાજતે-ગાજતે દબદબાભેર સ્વાગત થયું હતું. ત્યારબાદ સભામંડપમાં સૌ સંતો-ભક્તોએ પોત-પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ હતું. મહંત સ્વામી તથા અન્ય વડીલ સંતોના હસ્તે દિપ પ્રાગ્ટય થયું તથા ચૌદેલોકમાં જ્ઞાનરુપી અજવાળું થાય તેવી સદ્‌ભાવનાથી ચૌદ મશાલો પ્રગટાવવામાં આવી, દિપપ્રાગટ્ય થતાં સભામંડપ તાળીઓના ગળગળાટ તથા જયનાદ થી ગુંજી ઉઠ્યો હતો. પછી શિબિરનું થીમર્કીતન "પ્રેમવતી સુતથી પ્રેમ" આ કીર્તનનું ગાન કરવામાં આવ્યું. ત્યારબાદ શિબિરના પ્રારંભમાં પ્રાસંગીક ઉદ્‌બોધન આપતાં કો.પાર્ષદ જાદવજી ભગતે ભલામણ કરી હતી કે સંતોએ શ્રીજીમહારાજની અજ્ઞા અનુસાર સત્સંગ ઝુંબેશને વેગ આપવા આ શિબિરનું આયોજન કર્યું છે. જેથી તેમના વચને આ કલ્યાણકારી કાર્યમાં જોડાઇ જજો. શિબિરમાં બહોળી સંખ્યામાં આવેલા યુવાનો તથા યુવતીઓને જોઇને મહંત સ્વામીએ ખુબ અંતરનો રાજીપો દાખવ્યો હતો.

## આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવાનું કે નીચે દર્શાવેલા ઉત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન સાકાર થઈ રહ્યું છે.**

**મુન્દ્રા મધ્યે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે પંચાહ્ન પારાયણ**

તા. ૬-૧૨-૨૦૧૭ થી તા. ૧૦-૧૨-૨૦૧૭ સુધી રહેશે.

આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહેશે.

તા. ૯-૧૨-૨૦૧૭ મૂર્તિપ્રતિષ્ઠા - તા. ૧૦-૧૨-૨૦૧૭ શોભાયાત્રા

**આપ સૌ દાતાશ્રીઓ તથા દેશ-વિદેશમાં વસ્તા હરિભક્તોને સપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

શિબિરાર્થીઓ ઉપર ભુજનગર નિવાસી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતા રહે તેવા શુભાશિષ આપ્યા હતા.

**પ્રેઝન્ટેશન :-** પહેલા દિવસના પહેલા જ સત્રમાં શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ પારિવારીક જીવનમાં સુખ સંપ અને શાંતી વધે તે માટે આકર્શક "આર્દશ પરિવાર" નું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. બીજા દિવસે સવારનાં સત્રમાં શા. સ્વામી બ્રહ્મમુનિદાસજીએ અતિશય ઉંડાણપૂર્વક મુદ્દાસર વિષયવસ્તુને સમજાવી "સેવા એજ અમારું જીવન" આ વિષયપર રજૂઆત કરી હતી. ત્યાર બાદ શા. સ્વામી દેવચરણદાસજીએ ભુજમંદિરની ધાર્મિક, સામાજિક, શૈક્ષણીક અને સત્સંગની પ્રવૃતીઓને પ્રસ્તુત કરી હતી. તથા શ્રીજી સમકાલિન જે સંતોની મંડળ પરંપરા અને રીતી હતી તેજ પરંપરા અને રીતી આજે કચ્છમાંજ છે તેનું જ્ઞાન કરાવ્યું હતું. ત્રીજા દિવસે શા.કોઠારી પાર્ષદ ખીમજી ભગતે પોતાની વિદ્વત્તાભરી શૈલીમાં જે પ્રાપ્તી રાજીપાથી થાય છે તે અન્ય સાધનોથી નથી થતી એવી વાતો "રાજીપાનો ઉપાય" માં સમજાવી. ચોથા દિવસે શા. સ્વામી દેવચરણદાસજીએ " સંપ " વિષય પર ક્રિયાત્મકપ્રયોગો કરીને સંપની જીવનમાં આવશ્યકતા સમજાવી હતી.

**વ્યાખ્યાન માળા :-** બપોર પછીનાં સત્રમાં દરરોજ ભુજ મંદિરની ઉજળી મહંત પરંપરાને ઉજાગર કરતાં વ્યાખ્યાનો થયાં. જેમાં પ્રથમ દિવસે શા. સ્વામી સંતસ્વરુપદાસજીએ સદ્. બ્રહ્માનંદ સ્વામી સદ્. વૈષ્ણવાનંદ તથા સદ્. સ્વામી અચ્યુતદાસજી બીજા દિવસે શા. સ્વામી પરમહંસદાસજીએ સદ્. સ્વામી અક્ષરજીવનદાસજી, સદ્. સ્વામી કૃષ્ણચરણદાસજીઅને સદ્. સ્વામી ધર્મજીવનદાસજી. ત્રીજા દિવસે શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સદ્. સ્વામી મહાપુરુષદાસજી દાસજી, સદ્. સ્વામી ભક્તિપ્રિય દાસજી, અને સદ્. સ્વામી બાલકૃષ્ણ દાસજી ચોથા દિવસે શા. સ્વામી ભક્તવત્સલદાસજીએ સદ્. સ્વામી શ્રીવલ્લભદાસજી, સદ્. સ્વામી ધર્મજીવનદાસજીઅને સદ્. સ્વામી હરિસ્વરુપદાસજી આદી મહાપુરુષોનાં જીવનનાં ઈતિહાસોની વિસ્તારપૂર્વક વ્યાખ્યાઓ થઇ હતી.

**નિત્ય-નિયમ :-** દરરોજ વહેલી સવારે પ્રાતઃકાળે ૫:૦૦ વાગ્યે ઊઠી ધ્યાન-સ્નાન કરીને સૌ યુવાનો સમૂહ પૂજા કરવા સભા મંડપમાં આવી જતા. શા. સ્વામી ભક્તવત્સલદાસજી દરેક ક્રિયાનો મર્મ સમજાવીને વિસ્તારથી પૂજા કરાવતા. ત્યારબાદ આરતી, ધૂન્ય, સ્તુતી કરી વચનામૃતની કથા થતી. સાંજનાં ૬:૦૦ વાગ્યે ગવૈયા સંતો માં શા. સ્વામી ગોલોકવિહારી દાસજી,સ્વામી વ્રજવિહારીદાસજી સ્વામી સંતદાસજી અને તબલચી શા.સ્વામી કપિલમુનિદાસજી આદી સંતો સંગીતના સથવારે ગોડીના પદનું ગાન કરતા. ત્યાર પછી આરતી,

# આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવાનું કે નીચે દર્શાવેલા ઉત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન સાકાર થઈ રહ્યું છે.**

**માંડવી મધ્યે કન્યા વિદ્યામંદિર ઉદ્ઘાટન મહોત્સવ પંચાહ્ન પારાયણ**

**તા. ૨૯-૧૨-૨૦૧૭ થી તા. ૨-૧-૨૦૧૮ સુધી રહેશે.**

**આ પ્રસંગે મહંત સ્વામી તથા મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.**

**આપ સૌ દાતાશ્રીઓ તથા દેશ-વિદેશમાં વસ્તા હરિભક્તોને સપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

ધૂન્ય, સ્તુતી, પ્રાર્થના કરી થાળ જમાડીને ચેષ્ટાનું ગાયન કરતા હતા.

સાયં કથા :- આરતી-નીયમ બાદ રોજ સંતો દ્વારા કથા થતી. જેમાં પ્રથમ દિવસે શા. સ્વામી આનંદવલ્લભદાસજીએ જીવનમાં ધીરજતા કેળવવાની વાતો કરી હતી. બિજા દિવસે પૂ. સ્વામી દિવ્યમૂનિદાસજીએ પોતાની હાસ્યસભરવાણીમાં વાણીમાં ''વાણી વિવેક'' આ વિષે જીવનમાં વાણીઉપર સંયમ રાખવાનો બોધ આપ્યો હતો.ત્રિજા દિવસે શા. સ્વામી સુખનંદનદાસજીએ વ્યવહાર સબંધી કાર્યમાં વિચાર કરવો જોઈએ જેથી કરીને પાછળથી પસ્તાવવુંના પડે આ વાતને દૃષ્ટાંતો આપીને સમજાવી હતી. અને ચોથા દિવસે પુ. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ''મારી શું ભુલ?'' આ વિષયને સચોટતા પૂર્વક વિસ્તારીને સમજાવ્યો હતો.

**પ્રાતઃકથા :-** દરરોજ સવારે વચનામૃતની કથાનું પાન વિદ્વાન સંતોના મુખે કરાવાતું. જેમાં પ્રથમ દિવસે પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ પોતાનું અંગઓળખી ભગવાનનું ભજન કરવું જોઈએ એ સંદર્ભમાં મધ્યનાં ૫૫ માં વચનામૃતપર છણાવટ કરી હતી. જ્યારે બીજા દિવસે શા. સ્વામી આનંદસ્વરુપદાસજીએ મધ્ય નાં ૪૧મું વચનામૃત સમજાવતાં કહ્યું કે ભગવાનની સેવા ર્નિમાની થઈને કરવી.ત્રિજા દિવસે શા. સ્વામી શુકમુનીદાસજીએ મધ્યનું ૨૩મું વચનામૃત વાંચ્યું હતું. વ્યાખ્યા કરતાં મન શું છે? તેનો પરિચય આપ્યો અને મનને વશ કરવાનાં ઉપાયો દાખવ્યા.અને છલ્લા દિવસો શા. સ્વામી ગેલોકવિહારીદાસજીએ આજ્ઞા નો મહિમા સમજાવતાં કહ્યું કે જો સુખી થવું હોય તો કોઈપણ સંજોગમાં આજ્ઞાનો લોપ થવા ન દેવો.

**ભોજનપ્રસાદ :-** સવારની સભા પૂરી થયા પછી સૌ યુવાનો રસોડા વિભાગમાં અલ્પાહાર, બપોરે માનસીપૂજા કર્યા પછી ભોજન અને સાંજે વાળુ કરવા જતા હતા. હરિભક્તોના રસોડાની સેવા સંભાળતા પુ. સ્વામી મુક્તવલ્લભદાસજી,સ્વામી રામપ્રિયદાસજી તેમજ માંડવી,માધાપર તથા વાડાસરના હરિભક્તો વિવિધ પ્રકારની વાનગીઓ બનાવીને સૌ યુવાનોને ભોજનનો આનંદ પમાડતા.

સંત સમાગમ :- દરરોજ સાંજે ભોજન પ્રસાદ લીધા પછી દિવસ દરમ્યાન થયેલ શંકા કે જીજ્ઞાસાઓનું સમાધાન કરવા ગ્રુપચર્ચા કરવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. તેમાં 'યુવાનો ગ્રુપ પ્રમાણે સંતો સાથે ચર્ચા કરતા હતા. પોતાના અંગત જીવનમાં કાંઈ મુશ્કેલી કે મુંઝવણ હોય તો સંતો પાસેથી યોગ્ય સમાધાન અને માર્ગદર્શન મળતું હતું. ગ્રુપચર્ચામાં યુવાન સંતોની સાથે નાના વિદ્યાર્થી સંતો પણ રહ્યા હતા.

**પ્રવચન તથા આશીર્વાદ :-** પ્રથમ દિવસે સવારનાં સત્રમાં સદ્. સ્વામી ભગવત્‌જીવનદાસજીએ

## આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવાનું કે નીચે દર્શાવેલા ઉત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન સાકાર થઈ રહ્યું છે.**

### ભુજ મંદિર - સમૂહ ભાગવત

**સંવત્ ૨૦૭૪, ફાગણ વદ ૩૦, તા. ૧૭-૩-૧૮ થી ચૈત્ર સુદ ૬, તા. ૨૩-૩-૧૮ સુધી રહેશે.**

**આ પ્રસંગે મહંત સ્વામી તથા મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.**

**આપ સૌ દાતાશ્રીઓ તથા દેશ-વિદેશમાં વસ્તા હરિભક્તોને સપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

આ સત્સંગ એ આપણો પરિવાર છે. જેવી રીતે આપણા પરીવારમાં આત્મબુદ્ધી છે. તેવીજ આત્મબુદ્ધી સત્સંગમાં રાખવી એવી ભલામણ કરી હતી. સાંજના સત્રમાં સદ્. સ્વામી કેશવજીવનદાસજીએ શ્રીજી મહારાજ ભુજમાં પધાર્યા ત્યારને જે રાજકીય સ્થીતી હતી તેને રુબરુ કરાવી. અને જીવનમાં મંત્ર-તંત્રમાં વિશ્વાસ ના રાખતાં ભગવાનનેજ સર્વ કતા-હર્તા સમજવાં એવું બળસભર પ્રવચન આપ્યું હતું. બિજા દિવસે સદ્. સ્વામી હરીબળદાસજીએ નરનારાયણદેવ ના ઐશ્વર્ય ની દિવ્યવાતો કરી હતી. અને નરનારાયણદેવ જ આપણું સર્વસ્વ છે તેવું કહ્યું હતું .તેમજ સ્વામી વિશ્વવલ્લભદાસજી એ સંતોની સેવાનો મહિમા શિવલાલ શેઠદનું દ્દષ્ટાંત આપીને સમજાવ્યો હતો. ત્રીજા દિવસે સદ્.સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ આપતા કહ્યું કે મહંત સ્વામીએ યુવકમંડની સાથે યુવતીમંડની સ્થાપના કરીને ખુબ સરસ કાર્ય કર્યું છે. અને સ્ત્રીઓએ આપત્કાળમાં પોતાનો રજસ્વલા ધર્મનું કેવી રીતે પાલન કરવું તે વિશે ધર્મશાસ્ત્રો મુજબ ન્યાય કર્યો. સ્વામી મહાપૂરુષદાસજીએ આશીર્વાદ પાઠવતાં કહ્યું હતું કે તમારા જેવા યુવાનોના મોક્ષની ચિંતા અમારા યુવાન સંતો કરે છે તેમને બહુ જ ધન્યવાદ છે. શા. સ્વામી કૃષ્ણસ્વરુપદાસજીએ સંતોનો મહિમા સમજાવ્યો હતો. અને ચોથા દિવસે સદ્.સ્વામી સ્વયંપ્રકાશજીએ પોતાના અંતિમ આશીર્વાદમાં જણાવ્યું કે આ અક્ષરધામની સભા છે અંત સમયેજો આનું કોઈને સ્મરણથઈ આવશે તો મહરાજના ધામની તેને પ્રાપ્તી થશે.

**સમાપન :-** પાંચ પાંચ દિવસથી શિબિર સ્થળને જ પોતાનું ઘર અને સંતોને જ પોતાના સંબંધી માનીને રહેલા યુવાનોએ શિબિરમાં આવી અનેક સંતોનો સમાગમ કરી આલોક અને પરલોકનું ભાથું બાધ્યું હતું. દરરોજ સમૂહમાં પ્રાતઃપૂજા, નિત્ય નિયમ, કથા-વાર્તા, કીર્તનગાન, પ્રેઝન્ટેશન, વ્યાખ્યાન, ગ્રુપચર્ચા, સંતસમાગમ, સમૂહ ભજન, ભોજન પ્રસાદ જેવાં અનેકવિધ કાર્યક્રમોનો આનંદ માણતાં માણતાં પાંચ દિવસ કેમ પસાર થઈ ગયા તેની ખબર પણ ન પડી. સૌ કોઈ ઇચ્છતા હતા કે શિબિર હજુ થોડા દિવસ ચાલે પરંતુ છૂટા પડવાનો સમય આવતાં સૌ યુવાનો બાથમાં બાથ ઘાલીને અરસપરસ મળી, સંતોના આશીર્વાદ લઈ પોતાના ઘર ભણી પ્રયાણ કર્યું હતું.

**કાર્યકર્તા સંતો :-** શિબિરના તમામ આયોજનોને સફળ બનાવવા માટે દરેક યુવાન સંતોએ રાત્રી-દિવસ અથાગ પરિશ્રમ અને દાખળો કર્યો હતો. સહુ સંતોએ ખંત અને નિષ્ઠાપૂર્વક પોત-પોતાની સેવાને સંભાળી હતી . જેમાં મુખ્ય ફાળો યુવક મંડળના સંતો સદ્. પૂ. સ્વામી શ્રીહરીદાસજી, સદ્. પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્. પૂ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સદ્. પૂ. સ્વામી કેશવજીવનદાસજી એવં સંચાલક સંતો પૈકી પુ. સ્વામી પરમહંસદાસજી, શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી,

# આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે નીચે દર્શાવેલા ઉત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન સાકાર થઈ રહ્યું છે.**

## ભુજ મંદિર : શ્રી નરનારાયણદેવ પાટોત્સવ

**તા. ૧૬-૪-૧૮ થી તા. ૨૦-૪-૧૮ સુધી રહેશે.**

**આ પ્રસંગે મહંત સ્વામી તથા મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.**

**આપ સૌ દાતાશ્રીઓ તથા દેશ-વિદેશમાં વસ્તા હરિભક્તોને સપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

શા.સ્વામી દેવચરણદાસજી, શા.સ્વામી ગોલોકવિહારી દાસજી, શા.સ્વામી કૃષ્ણસ્વરુપદાસજી અને કોઠારી પાર્ષદ શા. ખીમજીભગત નો હતો. તદઉપરાંત કાર્યક્રમનું સભાસંચાલન શા.સ્વામી દેવચરણદાસજી અને શા.સ્વામી વેદાંતસ્વરુપદાસજીએ કર્યુ હતું. શા. સ્વામી ગોલોકવિહારીદાસજી તથા સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ સભામંડપ તથા સ્ટેજ સુશોભનની સેવા કરી હતી. સંતોના ભંડારની તથા ઉતારાની સેવા શા.સ્વામી સુખનંદનદાસજી અને સ્વામી સુવ્રતમનિદાસજીએ સંભાળી હતી.વાહનવ્યવહાર વિભાગમાં સ્વામી કપિલમુનિદસજી લાઇટ પાણીવિભાગમાં સ્વામી નૌત્તમમુનીદાસજી મિડીયા વિભાગમાં સ્વામી વર્ણિસ્વરુપદાસાજી સાહિત્યકેન્દ્રમાં સ્વામી પ્રેમવલ્લભદાસજી અને સ્વામી કુંજવિહારીદાસજીની નિયુક્તી થઇ હતી.

**પંચદશાબ્દિ શિબિર** :- અગામી પંચદશાબ્દિ શિબિર પવિત્ર તીર્થ હરિદ્વામાં યોજાશે. શિબિરનો સમય તથા કાર્યક્રમો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.આ શિબિરમાં દેશ-વિદેશનાં સૌ કોઇ યુવાનો તથા યુવતીઓ જોડાઇ શકશે.

- સ્વામી તીર્થમુનીદાસજી

---

## અન્નકૂટોત્સવ : ભુજ

સંવત્ ૨૦૭૪ના નવા વર્ષના પ્રારંભમાં દર વર્ષની જેમ ભુજ મંદિરે ૧૫ દિવસ અગાઉથી શ્રીઠાકોરજી માટેના નવા વર્ષમાં થયેલ ધાન્યથી વિવિધ વાનગીઓ બનાવવામાં આવી હતી. આ સેવામાં સંતોની આજ્ઞાથી સાંખ્યયોગી બહેનો, કર્મયોગી બહેનો, હરિભક્તો તથા યુવાનો સંતો સાથે જોડાયા હતા. ૧૦૦ થી વધુ પકવાન, ફરસાણ સાથે તૈયાર થયેલ થાળ નવા વર્ષે અન્નકૂટના રૂપમાં ધરવામાં આવેલ. ૧૦ વાગ્યે પૂ. મહંત સ્વામી દ્વારા આરતી કરવામાં આવી હતી.

આગલા દિવસે એટલે દિવાળીના રોજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા ભવ્ય દીપોત્સવ ઉજવવામાં આવ્યો હતો. હજારો દીવળાઓ મંદિરના ચોકમાં ગોઠવવામાં આવ્યા હતા. બપોરપછી ૫ વાગ્યે સભામંડપમાં ચોપડાપૂજન તથા લક્ષ્મીપૂજન કરવામાં આવ્યું હતું. આવેલા સર્વે ભુજ શહેરના વેપારીઓને પૂજ્ય મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને દીપોત્સવમાં પૂ. મહંત સ્વામીએ આવતું નૂતન વર્ષ સર્વ દેશવાસીઓ માટે સુખદ રહે એવી આશીષ આપી ધન્ય કર્યા હતા.

દીવાળીના સવારે માનકુવા તથા નારણપર પ્રદેશના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા થાળની પ્રસાદીના બોક્ષ ભરવાની સેવા લેવામાં આવી હતી.

કાળી ચૌદશના રોજ શ્રીહરિની આજ્ઞા મુજબ કષ્ટભંજનદેવ હનુમાનજીનું પૂજન કરવામાં આવ્યું હતું. અને ધનતેરસના દિવસે આપણી ગાયોનું પૂજન શીંગળા રંગવા અને લાડુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

---

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરને ખેલ મહાકુંભ ૨૦૧૭-૧૮માં જિલ્લામાં શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ

ગુજરાત રાજ્ય સરકાર તરફથી સમગ્ર ગુજરાતમાં ૨૦૧૦થી હાલ દેશના વડાપ્રધાન, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબે શરૂ કરેલ ખેલ મહાકુંભ જેમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ તથા રમતગમત મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી સાહેબ દ્વારા દર વર્ષે સમગ્ર ગુજરાતનાં રાષ્ટ્રીય તેમજ રાજ્ય લેવલે સિદ્ધિ પ્રાપ્ત કરેલ ખેલાડીઓને તેમજ રાજ્યના જીલ્લા, મહાનગરમાં ખેલ મહાકુંભમાં જે શાળા

સર્વોત્તમ પુરષ્કાર પ્રાપ્ત કરે તેવી જીલ્લાની શ્રેષ્ઠ શાળાની રાજ્ય લેવલે મા.મુખ્ય મંત્રીશ્રી દ્વારા ૧,૫૦,૦૦૦/- રૂા. ની રકમનો ચેક તથા પ્રશસ્તિ પત્ર રાજ્ય લેવલના સમારંભમાં એનાયત કરવામાં આવે છે.

ખેલમહાકુંભમાં શ્રેષ્ઠ શાળાનું સન્માન બંને વર્ષે ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭માં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરને પ્રાપ્ત થયેલ છે. જેનું સન્માનપત્ર તથા ચેક સંસ્થાના ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા દ્વારા સ્વીકારવામાં આવ્યો. આ સંસ્થાનું સતત બે વર્ષથી શ્રેષ્ઠ શાળા નું સન્માન પ્રાપ્ત કરવા બદલ ભુજ મંદિરનાં પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તેમજ સંચાલક મંડળના ટ્રસ્ટી કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા અન્ય વડીલ સંતો સહિત ટ્રસ્ટી સંસ્થાના પ્રમુખશ્રી રત્નાભાઈ કેરાઈ, મંત્રીશ્રી લક્ષ્મણભાઈ શિયાણી, સહમંત્રીશ્રી લક્ષ્મણભાઈ હીરાણી સાથે તમામ ટ્રસ્ટીશ્રીઓ સંસ્થાને ખેલ મહાકુંભમાં ભાગ લીધેલ તેમજ તેમાં વિજેતા થયેલ તમામ દીકરીઓને સંસ્થાના પી.ટી. ટીચર તથા પ્રિન્સીપાલ સહ સમગ્ર સંસ્થાને અભિનંદન પાઠવેલ.

આમ આ સંસ્થા છેલ્લા પાંચ વર્ષથી આ ખેલ મહાકુંભમાં ૮ લાખ થી ૧૨ લાખ સુધીના ઈનામો પ્રાપ્ત કરી સમગ્ર કચ્છમાં રમત ગમત ક્ષેત્રે અવ્વલ નંબર પર આવેલ છે જેનું સંસ્થાને ગૌરવ છે તેવું સંસ્થાના સંચાલક પ્રવિણભાઈ પિંડોરીયાએ જણાવેલ હતું.

**થ્રો-બોલ તેમજ એથ્લેટીક્સની રાજ્ય કક્ષાની સિધ્ધિઓ :** રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા ભાવનગર મુકામે તા. ૨૬-૯-૨૦૧૭ થી તા. ૨૮-૯-૨૦૧૭ સુધી થ્રો-બોલ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ-અલગ ૩૦ જિલ્લાઓએ ભાગ લીધેલ હતો.

૩૦ જિલ્લાઓ પૈકી કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ ભુજ શહેર મધ્યેની શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની ટીમે કરેલ હતું. જેમાં ફાઈનલમાં અમદાવાદ શહેરની ટીમ સામે એક તરફી વિજય મેળવી કચ્છ જિલ્લાનું તેમજ શાળાનું નામ રોશન કરેલ. જેમાં પાંચ ખેલાડીઓની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી કરવામાં આવેલ છે જેના નામની યાદી ૧. માતા રોહિણી, ૨. હિરાણી પ્રિયાંસી, ૩. ભાવાણી વિધિ, ૪. ભુડીયા કૃતિ, ૫. ગોરસીયા ઋષિકા આ મુજબ છે.

આ ઉપરાંત તા. ૨૨-૯-૧૭ થી તા. ૨-૧૦-૧૭ સુધી હિમતનગર મુકામે રાજ્ય કક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં પણ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીની વેકરીયા હેત્વીએ ૩૦૦૦મી. જલદચાલમાં રજત ચંદ્રક તેમજ ૧૦૦મી. વિઘ્નદોડમાં વેકરીયા ધનલક્ષ્મીએ કાંસ્ય ચંદ્રક મેળવીને જિલ્લા તેમજ શાળાનું નામ રોશન કરેલ છે.

શાળાની વિદ્યાર્થીનીઓએ મેળવેલી આ સિધ્ધી બદલ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તેમજ સમગ્ર સંતવૃંદ તેમજ સંસ્થાના પ્રમુખશ્રી રત્નાભાઈ કેરાઈ, સમગ્ર ટ્રસ્ટ મંડળ, શાળાના આચાર્ય તથા સ્ટાફગણે વિદ્યાર્થીનીઓને અને વ્યાયામ શિક્ષિકાને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વિદ્યાર્થીનીઓ રમત-ગમત ક્ષેત્રે આવી સોનેરી સિધ્ધીઓ હાંસલ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

- મંત્રીશ્રી લક્ષ્મણભાઈ શિયાણી

---

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ - 'શ્રેષ્ઠ શિક્ષક' એવોર્ડ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ પ્રેરિત અને શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજના મદદનીશ શિક્ષકશ્રી દિલીપભાઈ ભટ્ટને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ તરફથી તા. ૫-૯-૨૦૧૭ 'શિક્ષકદિને' માનનીય

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા આદરણીય રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીના વરદ્‌હસ્તે ગાંધીનગર મધ્યે વર્ષ ૨૦૧૭-૧૮નો 'શ્રેષ્ઠ શિક્ષક' એવોર્ડ તથા શાળાને ગૌરવવંત મોમેન્ટો મળ્યાનો આ પ્રથમ પ્રસંગ છે. આવું પ્રતિષ્ઠિત પારિતોષિક પ્રાપ્ત કરવા બદલ શ્રીભટ્ટને ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજી, સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજીએ પ્રસન્નતા વ્યક્ત કરી અભિનંદનસહ આશીર્વાદ પાઠવ્યા હતા. સંચાલક મંડળ તથા આચાર્યશ્રી છાંગાસાહેબ તથા શાળા પરિવારે આ સિધ્ધિને બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. શ્રી ભટ્ટે આ પારિતોષિક મેળવી શાળાને તેમજ સંસ્થાને ગૌરવ અપાવેલ છે.

---

## ભક્તિનગર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં નવરાત્રી નિમિત્તે રાસોત્સવ

પાંચ વર્ષથી ભક્તિનગર સ્વામિનારાયણ મંદિરમાં નવરાત્રીનું આયોજન થાય છે. સાં.યો. બહેનો સાથે દસ દિવસ સુધી મંદિરમાં રાસ રમીને આનંદનો લ્હાવો લઈએ છીએ. બહેન-દીકરીઓને અન્ય સ્થળોએ તેમજ આપણા સંસ્કારોને અસંગત હોય તેવા વાતાવરણમાં જવું ન પડે તે હેતુથી મંદિરમાં જ બહુ સરસ રીતે આયોજન બાઈઓ કરે છે. દરરોજ દસ દિવસ સુધી પ્રસાદીના યજમાન હોય છે. નંદ સંતોના કીર્તનોની રમઝટ સાથે રાસોત્સવ ખૂબ જ ધામધૂમથી રમવામાં આવે છે.

**સધુરાઈ તળાવે ઉજવણી :** પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી માનકુવા-ભક્તિનગરમાં પ્રસાદીભૂત સધુરાઈ તળાવે તા. ૧૫-૯-૧૭ના ઉજવણીનું આયોજન કરેલ. ભુજ મંદિરેથી સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી નારાયણમુનિદાસજી વગેરે સંતો પધારેલ. સ્વામી કેશવજીવનદાસજીએ તળાવનો મહિમા સમજાવ્યો હતો. રાસોત્સવનું પણ આયોજન કરવામાં આવેલ હતું. સાં.યો. બહેનો પધારી દર્શનનો લાભ આપ્યો હતો. સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ આપ્યા હતા.

- જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર

---

## શ્રી સહજાનંદ રમતોત્સવ : શ્રી સહજાનંદ ગુરુકુલ, માનકુવા

શ્રી સહજાનંદ ગુરુકુલ, માનકુવાના વિશાળ પટાંગણમાં નવરાત્રી પર્વના પ્રસંગે "શ્રી સહજાનંદ ખેલકૂદ" રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ ઉત્સવ વિવિધ કળાઓ ક્ષેત્રે શ્રી પુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમ તથા શ્રી સહજાનંદ ગુરુકુલ માનકુવા (S.S.G.M) અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા ભારે ઉત્સાહભેર આ રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ ખેલકૂદ રમતોત્સવમાં ૧૭ ટીમોએ ભાગ લીધો હતો. વિજેતા ટીમો તથા અલગ અલગ વિજેતા વિદ્યાર્થીઓનું દાતાશ્રીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

તેમજ ગત વર્ષના બોર્ડની પરીક્ષામાં સારા માર્કસ મેળવી સંસ્થાનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંસ્થા દ્વારા વડીલ સંતોના વરદ્‌હસ્તે ઈનામો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ રમતોત્સવમાં શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકોનું સતત માર્ગદર્શન મળતું રહ્યું અને આ રમતોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ધામધૂમથી ઉજવાયો. આ કાર્યક્રમ નિહાળવા હજારોની સંખ્યામાં મહેમાનો પધાર્યા હતા. ત્યારે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા દાનવીર દાતાઓ દ્વારા દાનનો પ્રવાહ વહેતો મૂક્યો હતો. ત્યારબાદ પધારેલ તમામ મહેમાનોને બપોરના

ભોજનપ્રસાદ આપવામાં આવ્યો હતો.

**મગફળી ઉત્સવ :** શ્રી સહજાનંદ ગુરુકુલને આંગણે દર વર્ષની જેમ આ વર્ષે તા. ૨-૧૦-૧૭ના રોજ ગુરુકુળની જમીનમાં જ તૈયાર થયેલ મગફળીઓનો ''મગફળી ઉત્સવ'' ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગમાં ભુજ મંદિરના સંતો-પાર્ષદો આશરે ૪૦ જેટલા પધાર્યા હતા. તેમજ ગુરુકુલના બાળકો તથા ટ્રસ્ટીઓ સાથે મળી રાંધેલા શીંગા જમાડવાનો કાર્યક્રમ રાખ્યો હતો. તેમજ સાંજનું ભોજન પણ અહીં જ રાખેલ હતું. પધારેલા સંતો,ભક્તોએ ગુરુકુલનું નૂતન સંકુલનું નિરીક્ષણ કર્યું હતું.

**શરદ પૂનમ :** શરદ પૂનમના ચાંદાના ઉજળા અંજવાળે ખુલ્લા આકાશના ચંદરવા નીચે સંતો સાથે ગુરુકુલના બાળકો ઓરકેસ્ટ્રા સાથે વાજિંત્રના તાલે, કીર્તનોની રમઝટ સાથે રાસોત્સવ ઉત્સાહભેર ઉજવી લ્હાવો લીધો હતો. રાત્રે નાસ્તા પાણી સાથે શરદપૂનમે દૂધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. ચાંદના અંજવાળે પ્રસાદ લઈ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી

---

## સામાન્ય સભા : વાડાસર

તા. ૭-૮-૨૦૧૭ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર, વાડાસરમાં હરિભક્તોની મિટીંગ રાખવામાં આવેલ હતી. સત્સંગ પ્રચાર અર્થે પધારેલા સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સંતોના સાંનિધ્યમાં નવી કમિટીની નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી : ભીખાલાલ લાલજી રાબડીયા, ઉ.પ્રમુખશ્રી : શીવજી કાનજી કેરાઈ, ખજાનચીશ્રી : સુરેશ વાલજી ભુડીયા, ઉ.ખજાનચીશ્રી : દેવજી પ્રેમજી વેકરીયા, મંત્રીશ્રી : વાલજી કરસન કેરાઈ, સહમંત્રીશ્રી મુળજી કાનજી રાબડીયા, સલાહકારો : લક્ષ્મણ વેલજી કેરાઈ, મનજી કાનજી રાબડીયા, હરેન્દ્ર લાલજી વેકરીયા.

ભગવાન શ્રી નરનારાયણદેવ તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સર્વે સંતમંડળના આશીર્વાદથી આ કમિટી સત્સંગમાં ઉત્તરોત્તર વૃધ્ધિ કરતી રહે એવી ભગવાન શ્રી હરિના ચરણોમાં પ્રાર્થના સાથે સભાને પૂર્ણ કરવામાં આવેલ હતી.

- પ્રમુખશ્રી ભીખાલાલ લાલજી રાબડીયા, વાડાસર

---

## ત્રિ-દિવસીય કથા પારાયણ : ગોધરા

શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધરા માંડવી મધ્યે સત્સંગ સમુદાય દ્વારા ગ્રંથરાજ ભક્તચિંતામણિ પૂર્ણ વિરામ દિન ઉજવણી નિમિત્તે ત્રિ-દિવસીય રાત્રી કથા પારાયણ તેમજ સંતો અને સત્સંગ સમુદાય દ્વારા સંપૂર્ણ ગ્રંથ પાઠ અને પૂજન કરવામાં આવ્યું હતું.

ગઢડા મધ્યે બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણના સાંનિધ્યમાં રહી વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ ગ્રંથ ભક્તચિંતામણિની રચના કરી રોજ બરોજની રચના થાય. ભગવાન શ્રી સ્વામિનારાયણને અર્થે ને પ્રભુ એનું પ્રુફ રીડીંગ કરી પ્રમાણ કરે. તેમ કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે અંતર્ધાન લીલા કરી પશ્ચાત્ વિક્રમ સંવત ૧૮૮૭ આસો સુદ ૧૩ના દિને ગ્રંથ પૂર્ણ થયો. તેજ દિન આ ચાલુ વર્ષ પ્રાપ્ત થતાં તા. ૨-૧૦-૨૦૧૭ થી તા. ૪-૧૦-૨૦૧૭ સુધી ઉજવવા નક્કી થતાં શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવીથી સ.ગુ. સ્વામી મહાપુરુષદાસજી આદિ સંત મંડળ દ્વારા ત્રિ-દિવસીય રાત્રી પારાયણમાં વક્તાપદે શા. સ્વામી ભક્તવત્સલદાસજી તથા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સંપૂર્ણ આયોજનનું સંચાલન કર્યું હતું. તેમજ સ.ગુ. સ્વામી મહાપુરુષદાસજી અને સ્વામી જયકૃષ્ણદાસજીએ પ્રાસંગિક પ્રવચનોથી ભક્તોને તરબોળ કર્યા હતા. અને સાથે આવેલ જીતુ ભગતે

આયોજનમાં સંપૂર્ણ સહકાર આપેલ. .ગોધરા સત્સંગના કાર્યકર્તાઓ રસભર જોડાયા અને વડીલો, યુવાનો, બાળકો, મહિલાઓએ ઉત્સાહભેર કથા શ્રવણ, ગ્રંથ પૂજન અને ગ્રંથના પૂર્ણ પાઠમાં બહોળા સમુદાય સાથે શ્રધ્ધા પૂર્વક જોડાયા અને સંપૂર્ણ આયોજનમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક અને યુવતી મંડળના સભ્યોએ સેવા શ્રમથી સફળતા અપાવી હતી.

- લાલજી નાનજી હિરાણી, ગોધરા

---

## શ્રી સ્વામિનારાયણ સ્મૃતિ મંદિરની ૨૫ વર્ષની સફર ભાગ : ૧

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત મૂળ છ મંદિરો પૈકીના ભુજ મુખ્ય સ્વામિનારાયણ મંદિરે પણ સંપ્રદાયના અન્ય મંદિરોની જેમ દ્વિશતાબ્દી ઉત્સવ(૧૯૮૧) ઉજવેલ પણ વિશેષતા એ રહી કે જાજરમાન ઉત્સવ ૨૦૦ કુંડી વિષ્ણુયાગ અને લાખો દેશ-વિદેશના હરિભક્તોની જનમેદની ઉમટી હતી. ઉત્સવ દરમિયાન વિદેશના તે સમયના અતિ આધુનિક લાઈટ શો પણ બતાવવામાં આવેલ. ઉપરાંત સ.ગુ. સ્વામી મુરલીમનોહરદાસજીના સંકલ્પ કે આ પવિત્ર હમીરસર સરોવરની જગ્યામાં કંઈક સ્મૃતિ ચિહ્ન ઊભું થાય તો સત્સંગનું રૂડું થાય અને તત્કાલીન મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજીની મંજુરીથી એ વાત પર મહોર લાગી.

અને આ સંકલ્પ થયા પછી ભુજ મંદિરના સંતોની સભા થઈ અને સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી અને પુરાણી સ્વામી મુકુંદપ્રસાદદાસજીને આ કાર્ય સોંપવામાં આવ્યું. સંતોએ પોતાના કુનેહ અને વહીવટી જ્ઞાનનો પૂર્ણ ઉપયોગ કર્યો. પ્રથમ ૬૦×૬૦ અને ૪૦×૬૦ની જગ્યા લીધી. ભુજ મંદિર દ્વારા બાઉન્ડ્રી કરવા નાણાં ફાળવાયાં. પાછળથી અન્ય જમીન પણ સંપાદન કરવામાં આવી. ત્યારબાદ સંતોએ ઉત્તમ શિલ્પીને બોલાવ્યા અને કાર્ય ચાલું થયું.

પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી આદિ સંતો દ્વારા આફ્રિકા, લંડન, ઓસ્ટ્રેલીયા વગેરે જગ્યાએ રહેતા હરિભક્તોને જાણ થતાં સત્સંગ પ્રત્યે સદા સજાગ એવા શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન હરિભક્તોએ આર્થિક સેવા કરી. બાજુમાં જ ૪૦×૬૦ના વિસ્તારમાં ભુજ મંદિર દ્વારા નગરપાલિકા દ્વારા સંચાલિત બગીચાનું નિર્માણ કરી આપવામાં આવ્યું. જેનું નામ ''શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિબાગ'' એવું રાખવામાં આવ્યું.

વર્ષ ૧૯૯૨માં તત્કાલીન ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં આચાર્ય મહારાજશ્રી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ તેજેન્દ્રપ્રસાદજીના વરદ્‌હસ્તે મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા ઉદ્‌ઘાટન મહોત્સવ ઉજવાયો. અને એ સમયે શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૨૫મો, શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૦મો અને બાઈઓના મંદિરનો ૫૦ વર્ષનો ઉત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો.

આ મંદિરમાં ભારત-દેશના ધર્માચાર્યો તેમજ ભગવાન વિષ્ણુના દશાવતારની અમૃત શિલામય મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના જન્મથી લઈ અંતર્ધાન થયા સુધીની લીલાઓ તેમજ ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલા અને અન્ય લીલાઓ શિલ્પોમાં કંડારવામાં આવેલ છે.

અંદર અને બહાર એમ બંને ભાગ શિલ્પ કળાથી કંડારવામાં આવેલ છે. આ સ્મૃતિ મંદિર આખાય કચ્છમાં નિર્માણકળાની બાબતમાં અલગ સ્થાન ધરાવે છે. અને ભાવિકોને અત્યંત આનંદ આપે છે.

તો આવા પવિત્ર પ્રસાદીનું સ્થાન કે જે રમણીય બગીચા વચ્ચે આવેલ સુંદર શિલ્પ કલા યુક્ત સ્મૃતિ મંદિરના ડિસેમ્બર ૨૦૧૭ના તા. ૨૩-૨૪-૨૫ના આવતા ''રજતજયંતી મહોત્સવ''માં પધારવા સર્વે સત્સંગી હરિભક્તો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વર્તમાન સંચાલક સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી તથા શા. સ્વામી

જગતવિહારીદાસજી અને સમસ્ત ભુજ મંદિર વતી ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

- નિરવ પંડ્યા, વિદ્યાર્થી સ્મૃતિ મંદિર

---

## મુન્દ્રા મધ્યે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરનું વાસ્તુપૂજન

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી સંવત ૨૦૭૩ આસો સુદ ૧૦ વિજયાદશમીના પવિત્ર દિવસે તા. ૩૦-૯-૧૭ શનિવારના રોજ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, મુન્દ્રાનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વાસ્તુપૂજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતો, સાંખ્યયોગી બહેનો, ચાવીસી ગામના હરિભક્તોની ઉપસ્થિતિ રહી હતી.

ભુજ મંદિરેથી સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી આદિ વડીલ સંતો પધાર્યા હતા. ભુજ બાઈઓના મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ, કેરાના મહંત સાં.યો. રતનબાઈ, સાં.યો. નાનબાઈ, કુંદનપરના મહંત સાં.યો. જશુબાઈ આદિ સાંખ્યયોગી બહેનો અને સંતો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. ચોવીસી ગામોમાંથી બહેનો તથા હરિભક્તોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કેરા, કુંદનપર, નારણપર ગામના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ચોવીસ ગામના હરિભક્તોની મંડળીઓએ જૂના મંદિરમાં બિરાજમાન દેવોને વાજતે-ગાજતે નૂતન મંદિરમાં લાવ્યા હતા અને નૂતન મંદિરમાં દેવોની પધરામણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે શા. સ્વામી ઘનશ્યામદાસજીએ પોતાની મધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, વડીલ સંતોએ વાસ્તુપૂજનના યજમાન ગામ બળદીયાના પ.ભ. કાનજીભાઈ કલ્યાણ હિરાણી, ધ.પ. કાન્તાબેન હિરાણી આદિ પરિવારને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

હરહંમેશ આવી સેવા કરતા રહો સાથો સાથ ભગવાન અને સંતોમાં પ્રેમ વધતો રહે, ભક્તિનું બળ વધે તેવા આશીર્વાદ સાથે શુભકામના કરી હતી.

વિદ્યાર્થી સંતો તથા મંડળના સંતોએ તૈયાર કરેલ ઠાકોરજીના થાળનો પ્રસાદ પધારેલા સૌ સંતોએ અને વાસ્તુપૂજનમાં પધારેલા સૌ હરિભક્તોએ લીધો હતો. આવી રીતે વાસ્તુપૂજન વિધિનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

-સ્વામી હરિકૃષ્ણદાસજી

---

## દક્ષિણ ગુજરાત પ્રાંતની ટીફીન શિબિર યોજાઈ

તા. ૨૫-૯-૨૦૧૭ સોમવારના શુભદિને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના નેજા હેઠળ દક્ષિણ ગુજરાત પ્રાંતિય સત્સંગ શિબિરનું આયોજન થયું હતું. જેમાં સ્થળ તરીકે વલસાડ મુકામે આ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ, શિખલી, વાપી, દહાણુ, બોઈસરના યુવકો, વડીલો અને બહેનોએ બહોળી સંખ્યામાં હાજર રહી ઉત્સાહભેર લાભ લીધો હતો.

આ શિબિરમાં ભુજથી પધારેલા ૬ સંતો પૈકી વડીલ સંત પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી અને સ્વામી સુખસાગરદાસજીએ હર્ષભેર હાજરી આપી સત્સંગનો લાભ આપ્યો હતો.

શિબિરની શરૂઆત પ્રાર્થના અને દીપપ્રાગટ્યથી તેમજ સંતોના સન્માનથી કરવામાં આવી હતી. ત્યારબાદ

શિબિરના કાર્યક્રમ અંતર્ગત વિવિધ મનનીય વિષય લઈ વ્યાખ્યાનમાળામાં સંતોએ સર્વે શિબિરાર્થીને રસતરબોળ કર્યા હતા.

તે વિષયોમાં "રાજીપો એજ રાજમાર્ગ" - સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, 'સત્સંગમાં ગાફળતા'- સ્વામી શ્રીપ્રકાશદાસજી, 'કુરાજીપો'-સ્વામી ભક્તિપ્રકાશદાસજી અને 'પારકુ ધન'-સ્વામી પ્રેમવલ્લભદાસજીએ સુંદર અને સરળ શૈલીમાં રજૂઆત કરી હતી. સંતોએ શ્રીહરિના ચરિત્રોને દૃષ્ટાંતસ્વરૂપ ટંકીને વિષયોને મનનીય અને અર્થસભર બનાવ્યા હતા. જીવનમાં સત્સંગ, સેવા અને આચરણથી કઈ રીતે કલ્યાણના માર્ગમાં ગતિ કરવી એવા સંદેશાથી સહુ હરિભક્તોને વાકેફ કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વામી કપિલમુનિ દાસજીએ કર્યું હતું.

શિબિરના અંતમાં દરેક ગામદીઠ એક એક યુવાનને રવિસભાથી થતા ફાયદા વિશે પોતાના અંગત અનુભવો યુવક પ્રવચનમાં રજૂ કર્યા હતા.

ત્યારબાદ આ પ્રાંતના સંયોજક વિજયભાઈ શિવજીભાઈ પટેલે શિબિરની આભારવિધિ કરી હતી અને સમગ્ર હરિભક્તો વતી સંતો પાસે આ કાર્યક્રમમાં હાજર રહી દિવ્ય પોતાનો લ્યાહણી માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

- પ્રતિક રમેશભાઈ પટેલ

---

## ઉત્તર ગુજરાત પ્રાંતની તૃતીય પ્રાંતીય ટીફીન શિબિર યોજાઈ

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ભુજ મંદિર દ્વારા ઉત્તર ગુજરાત પ્રાંતની તૃતીય શિબિર તા. ૨-૧૦-૨૦૧૭ના રોજ સિદ્ધપુર નજીક અરડેશ્વર મહાદેવના પૌરાણિક મંદિરના ખૂબ જ રમણીય સ્થળ પર યોજાઈ હતી. જેમાં ઉત્તર ગુજરાતમાં ચાલતા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ૯ ગામના લગભગ ૧૭૦ જેટલા યુવક, યુવતીઓ તેમજ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ઉણાદ યુવક મંડળમાં આવતા ગામ ઉણાદ, વડનગર, વિસનગર, ખેરાલુ, સિપોર તેમજ અન્ય યુવક મંડળોમાં સિદ્ધપુર, ઊંઝા, ડીસા તેમજ પાટણ યુવક મંડળના યુવક યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભુજ મંદિરથી પધારેલ સંતોમાં પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, પુરાણી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી પ્રેમવલ્લભદાસજી, પુ. સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી સુખસાગરદાસજી વગેરે સંતો દ્વારા અલગ અલગ વિષયો પર વ્યાખ્યાનમાળા, સત્સંગ ક્વીઝ તેમજ અલગ અલગ પ્રકારની ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯:૦૦ કલાકે દીપ પ્રાગટ્ય, પ્રાર્થના અને સંતોનું પૂજન કરી શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. સૌ પ્રથમ પુ. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ "રાજીપો એજ રાજમાર્ગ" વિષય પર સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં સ્વામીએ કોને રાજી કરવા ? શા માટે રાજી કરવા ? અને કેવી રીતે રાજી કરવા ? એના પર અલગ અલગ વચનામૃતના સંદર્ભ લઈને અલગ અલગ દૃષ્ટાંત દ્વારા સુંદર સમજ આપી હતી.

ત્યારબાદ સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ સત્સંગ પ્રશ્નોત્તરી, શબ્દ પરથી કીર્તન વગેરે અલગ અલગ ટોપીક પર ચીઠ્ઠી દ્વારા ગેમ રમાડી યુવાનોને ગમત સાથે જ્ઞાન પીરસ્યું હતું. સાથે સાથે સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ નાના બાળકોને અલગ અલગ પ્રકારની ગેમ્સ રમાડીને એમને પણ આનંદ કરાવ્યો હતો. ત્યારબાદ સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ "ભગવાનના ભક્તો કેવી રીતે કુરાજી થાય ?" એ વિષય પર વચનામૃતના સંદર્ભ આપીને ભગવાનને ભગવાનના ભક્ત જો કુરાજી થાય તે કેટલું મોટું દુઃખ આવે છે એ વાતને દૃષ્ટાંત આપીને સુંદર રીતે સમજાવી હતી. ત્યારબાદ બપોરે સર્વે ભક્તો ટીફીનમાં જે પણ પ્રસાદ લાવ્યા હતા તે

મહારાજને અન્નકૂટ ધરીને થાળ જમાડ્યો હતો. પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સમૂહમાં માનસી પૂજા કરાવી હતી અને ત્યારબાદ સૌએ સાથે મળીને પ્રસાદ લીધો હતો.

બપોરે પ્રસાદ લીધા બાદ સંતો સાથે મળીને સર્વે યુવકોને સત્સંગ લોજીક ગેમ્સ, રસ્સાખેંચ જેવી રમતો દ્વારા સૌને આનંદ કરાવ્યો હતો.

બપોરપછીના સત્રમાં પુરાણી સ્વામી પ્રેમવલ્લભદાસજીએ “અનીતિનું દ્રવ્ય” એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં સ્વામીએ એક નાના અમથા અનીતિના દ્રવ્યથી કેટલી મોટી મુશ્કેલીઓ માણસના જીવનમાં આવે છે એ વાત દૃષ્ટાંતો આપીને સમજાવી હતી. ત્યારબાદ પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સમૂહમાં ઉત્થાપનની માનસીપૂજા કરાવી હતી અને મહારાજને મેવો અર્પણ કરીને સૌ ભક્તોને મેવાનો પ્રસાદ અર્પણ કરાયો હતો. અને ત્યારબાદ સ્વામી પોતાના આશીર્વચનમાં યુવાનોને પોતાના જીવનમાં જે નડતરરૂપ હોય એવા પોતાના સ્વભાવ કે વ્યસનનો ત્યાગ કરવો જોઈએ અને ધર્મ નિયમમાં રહીને ભગવાન પ્રત્યે નિષ્ઠા વધે ભગવાન રાજી થાય એવા ઉપાયો આપણે કરવા જોઈએ એ વાત સમજાવી હતી. શિબિરના અંતે ઉત્તર ગુજરાત પ્રાંતના સંયોજક તુલસીદાસ નાકરાણીએ આભારવિધિ કરી હતી અને છેલ્લે મળજો મળજો.. કીર્તન બોલી સંતો પાસેથી પ્રસાદ તેમજ આશીર્વાદ લઈ શિબિરની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આવી રીતે ભગવાન તથા સંતોના આશીર્વાદથી ખૂબ સારી રીતે, ખૂબ ઉત્સાહ સાથે ઉત્તર ગુજરાત પ્રાંતની તૃતીય શિબિરની પૂર્ણાહુતિ થઈ હતી.

-સંયોજક તુલસીદાસ વી. નાકરાણી, ઉત્તર ગુજરાત પ્રાંત

---

## શરદપૂર્ણિમા રાસોત્સવ : ભુજ

તા. ૫-૧૦-૧૭ આસો સુદ પૂનમ ગુરુવારે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરની પરંપરા મુજબ તેમજ સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોની પ્રેરણા તેમજ માર્ગદર્શન મુજબ રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રે ૯ વાગ્યાથી મધરાત સુધી રાસના શોખીન ખેલૈયાઓ તેમજ યુવાનો તેમજ સંતોએ વિશાળ ચોકમાં ઓરકેષ્ટ્રાના સંગીતના સથવારે રાસની રમઝટ બોલાવી જુદા જુદા કીર્તન ગીતોના તાલ સાથે વર્તુળો રચી હરિભક્તોએ રંગ જમાવ્યો હતો. ચારે તરફ સ્થાન પ્રાપ્ત કરી ગોઠવાઈ ગયેલ દર્શનાર્થી હરિભક્તોએ રાસ દર્શનનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ શ્રીઠાકોરજીને ધરાવેલ દૂધ પૌંવાના પ્રસાદનું વિતરણ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

---

## સામાન્ય સભા : ઈન્દોર

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન, ઈન્દોરના બંધારણ મુજબ સત્સંગ ભવન સંચાલક સમિતિની મુદ્દત ૩ વર્ષ પૂર્ણ થતાં સંતોની આજ્ઞા મુજબ સત્સંગ ભવનના સંચાલક સ.ગુ. પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા અન્ય સંતમંડળ તેમજ ઈન્દોરની સામાન્ય સભાની હાજરીમાં નવા કાર્યકર્તાઓની રચના કરવામાં આવી તે નીચે મુજબ છે.

અધ્યક્ષ મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, સંચાલક સમિતિ પુરાણી સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, પ્રમુખશ્રી : નારાયણભાઈ હરજીભાઈ ભાવાણી, મંત્રીશ્રી : વીરજીભાઈ શામજીભાઈ ભાવાણી, ખજાનચીશ્રી : ચંદુભાઈ રામજીભાઈ ભાવાણી, હિસાબનીશ : રમેશભાઈ અરજણભાઈ પોકાર, સભ્યશ્રી : કમલેશભાઈ દેવજીભાઈ ગોગારી.

- મંત્રીશ્રી વીરજીભાઈ શામજીભાઈ ભાવાણી

---

## દિવાળી તથા અન્નકૂટોત્સવ : સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે દિવાળી પર્વની ઉજવણી દર વર્ષની જેમ ધામધૂમથી કરવામાં આવે છે. આ વર્ષે પણ દિવાળીના દિવસે સવારે મંગળા આરતીબાદ ભવ્ય પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભાતફેરીમાં વડીલો, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, યુવતી મંડળ તેમજ શ્રી ઘનશ્યામ બાલમંડળના બાળકો બહોળી સંખ્યામાં જોડાયા હતા. વાજિંત્રોના નાદ સાથે ધૂન, કીર્તન કરતા હરિભક્તો આખાય ગામમાં ફરી પ્રભાતફેરીને મંદિરમાં વિરામ આપ્યો હતો.

તા. ૨૦-૧૦-૨૦૧૭ શુક્રવારના રોજ નૂતન વર્ષના નવા વર્ષે શ્રીઠાકોરજી આગળ સાંખ્યયોગી બહેનો દ્વારા તૈયાર કરેલ અન્નકૂટ ઠાકોરજીને ધરાવવામાં આવ્યો હતો. આ તમામ જવાબદારી સાંખ્યયોગી બહેનો, વડીલો તેમજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળે હાથ ધરી હતી. સૌ હરિભક્તો બધાને જય સ્વામિનારાયણ કહી નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. આ દિવસે બહોળી સંખ્યામાં હરિભક્તોની ભીડ જામી હતી. સૌ હરિભક્તોએ અન્નકૂટના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ અન્નકૂટોત્સવની આરતી બંને ભાઈઓ અને બહેનોના મંદિરમાં કરવામાં આવી હતી. ત્યારબાદ સૌ હરિભક્તોને અન્નકૂટના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

- કિશોર રવજી પિંડોરીયા, સુખપર

---

## અંજાર ખાતે દિપાવલી તથા અન્નકૂટ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો"

શ્રી સ્વામિનારાયણ મંદિરે મંડળના મહંત સદ્‌ગુરુ સ્વામી ભગવત્‌જીવનદાસજીની આજ્ઞાથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી આદિ વડીલ સંતોની પ્રેરણાથી શ્રીઠાકોરજી પ્રશન્નતાર્થે મંદિરમાં વિધ્યુતરોસની સાથે તા.૧૭-૧૦-૧૭ થી તા.૨૦-૧૦-૧૭ ના દરમ્યાન દિવાળી ઉત્સવનું આયોજન થયુ હતુ. જેમા ધનતેરસ મંગળવાર તા. ૧૭-૧૦-૧૭ ના રોજ ગૌમાતાનું પૂજન કરવામાં આવ્યું હતું, કાળીચૌદશ બુધવારે તા. -૧૮-૧૦-૧૭ હનુમાનજીનું પૂજન સાંજે સંગવકાળે કરવામાં આવ્યું હતું, દિવાળી ગુરુવારે તા. ૧૯-૧૦-૧૭ના લક્ષ્મીપૂજન/ચોપડાપૂજન સાંજે ૪ થી ૬ યોજાયેલ. પૂજન મંદિરના ગોર યોગેશભાઇ શાસ્ત્રીએ મહંત સ્વામી તથા આગેવાન હરિભક્તોની સાથે રહી કરાવેલ તથા દિવાળીને દિવસે સૌ પ્રથમવાર મંદિરના પટાંગણમાં ૩૫-૩૫ ફુટની ભવ્ય રંગોળી બનાવવામાં આવી હતી સાથે સહસ્ર દિવડાઓથી મંદિરને સુશોભિત કરી દીપોત્સવ ઉજવવામાં આવ્યો હતો, જેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતીઓએ જહેમતઉઠાવી હતી, શુક્રવારે તા. ૨૦-૧૦-૧૭ના અન્નકૂટ દર્શન તથા બેસતું વર્ષ ઉજવાયેલ, આ શુભ પ્રસંગે શ્રીસ્વામિનારાયણ મંદિર અંજારના સર્વેસંતો, સમસ્ત ટ્રસ્ટી મંડળ અને સમસ્ત ભકતોનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું,

અન્નકૂટ મહોત્સમાં પુરાણી સ્વામી પરમહંસદાસજી, પુરાણી સ્વામી સરયુદાસજી, સ્વામી બદ્રિશ્વરદાસજી, આદિ સર્વે મંડળના સંતો, તથા સાં.યો. બહેનો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા મોટી સંખ્યામાં હરિભક્ત ભાઇઓ તથા બહેનોએ મહંત સ્વામીની આજ્ઞાનુસાર અને વડીલ સંતોના માર્ગદર્શન સાથે પોત પોતાના વિભાગમાં અન્નકૂટની વિવિધ વાનગીઓ તૈયાર કરેલ જેમા ઠાકોરજીને ૫૬ વાનગીઓ ધરાવવામાં આવેલ. જે પાકશાળામાં નિષ્ણાતો તથા પાકશાસ્ત્રી ઓએ બુન્દી,

ઘેબર, સાટા, સકરપારા, મીઠા સકરપારા, અડદીયા, લાલ મોહનથાળ, બુન્દીયા લાડુ, મોતીયા કણી, મોતીયા લાડુ, બરફી ચુરમા, ચુરમા લાડુ તથા વિવિધ મીષ્ટાન ફરસાણ વગેરે ૧૩૦ વાનગીઓ બનાવવામાં આવેલ હતી.

- ઠક્કર મેહુલકુમાર પ્રવિણચંદ્ર (અંજાર)

---

## પ્રસાદી મંદિરે ઉજવાયો દિવાળી ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણે લોકમાં ઉજવાતા તમામ સમાજિક તહેવારોને ધાર્મિક ઉત્સવમાં ફેરવી નાખ્યા છે.તેમાં પણ ભુજમંદિર દ્વારા ભગવાનની ભક્તિને સમાજની સેવાસાથે જોડી સમાજને અનોખો પ્રેરણામાર્ગ બતાવ્યો છે. દરવર્ષની જેમ આ વર્ષેપણ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ(પ્રસાદી) માં અ.નિ. સદ્. સ્વામી હરીજીવનદાસજી ના મંડળમાં દિવાળી ઉત્સવ ધામધુમથી ઉજવાયો હતો.

**ધનતેરસ :-** આ દિવસે વહેલી સવારે ભુજમંદિરની લેરવાડી,રાવલવાડી અને ફુલવાડીમાં સંતોએ જઇને ગાયોનું પૂજન કર્યું હતું .સંપ્રદાયની પ્રણાલીકા મુજબ પુજારી સંતોએ શ્રીઠાકોરજીના અલંકારોનું તથા સોના – ચાંદીના પાત્રોનું માર્જન કર્યુ હતું.

**કાળીચૌદસ :** શ્રીજી મહારાજની શિક્ષાપત્રીમાં આજ્ઞા છે કે આસોવદી ચૌદસ એટલે કે કાળીચૌદસના દિવસે હનુમાનજીનું પૂજન કરવુ. એ પ્રમાણે સદ્. ગોપાળાનંદ સ્વામી દ્વારા પ્રતીષ્ઠીત કષ્ટભંજન દેવનું વડિલ સંતોના વરદ્ હસ્તે વિવિધ ઉપચારોથી પૂજન કરવામાં આવ્યું.અને સંધ્યાઆરતી બાદ સૌ સંતો-ભક્તોએ મળીને હનુમાન ચાલીસાના ૧૦ પાઠ કર્યા હતા.

**દિવાળી :-** આ દિવસે સાજના સમયે સંપૂર્ણ મંદિરના પટાંગણને વિવિધ રંગબેરંગી લાઇટો તથા અનેક દિપોથી દેદીપ્યમાન કર્યુ હતું. મંદિરના ચોકમાં સ્ત્રીભક્તોએ વીવીધ રંગોથી શોભતી વિશાળ રંગોળી બનાવી હતી . તથા વિશાળ દિપમાળાઓ પણ રાખવામા આવી હતી.

**નૂતનવર્ષ :-** ૨૦૭૪ ના મંગલ પ્રભાતે શણગાર આરતી બાદ ઠાકોરજીની સમક્ષ સંતો-ભક્તોએ વિવિધ પકવાનો,ફરસાણો,વ્યંજનો,ફળોના રસોથી શોભતો અન્નકુટ ધર્યો હતો. જેની તૈયારી સંતો તથા હરીભક્તોએ મળીને અગાઉ દસદિવસથી શરુ કરી દીધી હતી. પૂ. મહંત સ્વામી તથા પ્ર. સદ્. મુકુંદજીવનદાસજીએ અન્નકુટની આરતી ઉતારી હતી. ત્યારબાદ સહુસંતો અરસ-પરસ્પર મળીને એક-બીજાને નવાવર્ષના અભિનંદન આપ્યા હતા.

અહેવાલ : - સ્વામી તીર્થમુનીદાસજી

---

## ભુજ મંદિરે રાજકીય પુરુષોનું આગમન દર્શન તથા પૂ. મહંત સ્વામીના આશીર્વાદ ગ્રહણ

**તા. ૧૪-૧૦-૨૦૧૭ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ ઉત્તર પ્રદેશ તથા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા ઉપમુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ ગુજરાત ભુજ મંદિરે શ્રી નરનારાયણદેવનાં દર્શને પધાર્યા હતા. પૂ. મહંત સ્વામી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા ટ્રસ્ટીગણે એમની આગવાની કરી હતી અને યથાયોગ્ય પ્રસાદીની પુષ્પમાળાથી એમનું સન્માન કરવામાં આવ્યું હતું. અને મોમેન્ટો સ્વીકારી પૂ. મહંત સ્વામીના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.**



# સત્સંગ સમાચાર-વિદેશ

## શ્રી ઘનશ્યામ દશાબ્દી મહોત્સવ : કાર્ડિફ યુ.કે.

કાર્ડિફ યુ.કે.ની પાવન ધરતી પર શ્રી સ્વામિનારાયણ મંદિરની સ્થાપના થઈ તેને ૩૭ વર્ષ થયા. અનેક ફેરફારો પછી આજે મંદિર ખૂબ જ સુંદર રમણીય બની ગયું છે. હાલના ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના શબ્દો કહીએ તો અક્ષરધામ તુલ્ય બની ગયું છે. આવું મંદિર બનાવવા કાર્ડિફના નાના-મોટા તમામ હરિભક્તોની મહેનત અને શ્રધ્ધા તેના પાયામાં છે.

હાલે મંદિરમાં ત્રણ સિંહાસનમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં વિવિધ સ્વરૂપોનાં દર્શનનો લાભ કાર્ડિફના સત્સંગીઓ લઈ રહ્યા છે. વચ્ચેના ધાતુના સિંહાસનમાં બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ પોતાના દિવ્ય દર્શન આપી રહ્યા છે. બાઈઓની બાજુના સિંહાસનમાં તથા ભાઈઓના સિંહાસનમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિઓનાં દર્શન થાય છે.

વરસો પહેલાં ઈ.સ. ૧૯૭૯ની સાલમાં મંદિરની શરૂઆતમાં માત્ર શનિ-રવિવારના દિવસોએ પૂજાપાઠની શરૂઆત થઈ. ઈ.સ. ૧૯૮૨ની સાલમાં ભુજ મંદિરના અ.નિ. સ.ગુ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી તથા અ.નિ. સ.ગુ. સ્વામી મુરલીમનોહરદાસજી આદિ વડીલ સંતોએ વિદેશમાં પહેલી વાર આફ્રિકાની યુ.કે.ની ધરતી પર પધાર્યા, હાલે બાઈઓના સિંહાસનમાં બિરાજમાન દેવોની મૂર્તિપ્રતિષ્ઠા ભાદરવા સુદ ૧૦ને રોજ કરવામાં આવી. તે પ્રસંગને આજે ૩૫ વર્ષ પૂર્ણ થયાં. ત્યારપછી ઈ.સ. ૧૯૯૩માં મંદિરની સામે જ મકાનમાં નવા મંદિરનું નિર્માણ થયું. તે પછી ઈ.સ. ૨૦૦૭માં ફરીથી એજ મંદિરે નવું રૂપ ધારણ કર્યું. ગગનચૂંબી ત્રણ શિખરો સહિત નવા મંદિરમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી તથા હાલના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી ભાદરવા સુદ ૯ના રોજ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ તથા ભાઈઓની બાજુ નવા સિંહાસનમાં બિરાજમાન દેવોની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. તે પ્રસંગને આ સાલે ૧૦ વર્ષ પૂર્ણ થયાં છે.

આ બંને પ્રસંગોને અનુલક્ષીને તા. ૨૮-૮-૨૦૧૭ થી તા. ૩-૯-૨૦૧૭ સુધી શ્રી ઘનશ્યામ દશાબ્દી મહોત્સવ ઉજવવાનું નક્કી થયું અને આચાર્યશ્રી વિહારીલાલપ્રસાદજી મહારાજ રચિત શ્રીહરિલીલામૃતમ્ ગ્રંથનું સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

આ ઉત્સવ પ્રસંગે અમદાવાદ શ્રી નરનારાયણદેવ પિઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા અ.સૌ. ગાદીવાળા તથા પ.પૂ. લાલજી મહારાજ તથા લાલીરાજા આદિ ધર્મકુળ તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી આદિ ૩૩ સંતોના સાંનિધ્યમાં આ દશાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો.

આ ઉત્સવ દરમ્યાન વ્યાસપીઠ પરથી શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી

દેવવિહારીદાસજી તેમજ શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ સંગીત સાથે કથા પારાયણનું અમૃતપાન કરાવ્યું હતું. ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી અને સ્વામી ભજનપ્રકાશદાસજીએ સંગીતના સૂર રેલાવ્યા હતા. સભાસંચાલન શા. સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું.

રવિવાર તા. ૨૭-૮-૨૦૧૭ના રોજે સાંજના સમયે પોથીયાત્રા નીકળી મંદિરની નજીક બગીચામાં પોથીઓ પધરાવી અને સંતો તથા હરિભક્તોએ પોથીનું પૂજન કર્યું. ત્યારબાદ બેન્ડપાર્ટી અને લેઝીમની સાથે વાજતે ગાજતે આનંદ વિભોર બની પોથીઓ યજમાનોએ મંદિરમાં પધરાવી.

સોમવાર તા. ૨૮-૮-૧૭ના ઘનશ્યામ દશાબ્દી મહોત્સવનો પ્રારંભ થયો. ઉત્સવના યજમાનોએ શ્રીગણેશ પૂજન કરી સર્વે દેવોની સ્થાપના કરી અને કથા પારાયણની શરૂઆત થઈ. સાંજની કથાબાદ કાર્ડિફ મંદિરના ઈતિહાસની રજૂઆત કરવામાં આવી અને જે જે હરિભક્તોએ હાલ સુધી તન, મન અને ધનથી મંદિરમાં સેવા કરી હતી તેઓને બિરદાવવામાં આવ્યા હતા. મંગળવારે કથા પછી ઘનશ્યામ મહારાજનો રાજોપચાર કરવામાં આવ્યો. વિવિધ ઉપચારોથી યજમાનો અને સંતો દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજનું પૂજન કરવામાં આવ્યું. મુગટ, ચક્ર, પરથાર, હાથના કડાં, પગના વેઢ તથા ટૂંપીયો આદી સંપૂર્ણ આભૂષણો યજમાનોએ ઘનશ્યામ મહારાજને ભેટ ધર્યા હતા. અઢી હજાર પાઉન્ડના સિક્કાઓની દક્ષિણા આપવામાં આવી અને હજારો જુદા જુદા રંગના ગુલાબના ફુલની પાંખડીયોથી યજમાનો અને સંતો દ્વારા અભિષેક કરવામાં આવ્યો. રાજોપચાર પૂર્ણ થતાં પહેલા ઠાકોરજીને વાજતે ગાજતે વનવિચરણ કરવવામાં આવ્યું. એક પાલખીમાં અ.સૌ. ગાદીવાળા તથા સત્સંગી બહેનોએ ઠાકોરજીને પધરાવ્યા અને એક પાલખીમાં સંતો તથા હરિભક્તોએ ઠાકોરજીને પધરાવ્યા અને કાર્ડિફની ટાફ નદીને કિનારે સૌ સત્સંગીઓએ મળીને ઠાકોરજીનું પૂજન કર્યું. અને બહેનો તથા ભાઈઓનો રાસ જમાવ્યો. કીર્તન અને વાજિંત્રોના ધ્વની સાંભળી નદીના જળમાં તરતાં હંસો, બતકો અને અન્ય જળચર પક્ષીઓ નદીના પાણીમાંથી બહાર નીકળીને જાણે ભગવાનનાં દર્શન કરવા આવ્યાં હોય તેવું દૃશ્ય સર્જાયું હતું. બંન્ને પાલખીઓને મંદિરમાં પાછી લાવી અને રાજોપચાર વિધિ પૂર્ણ કરવામાં આવ્યો હતો. મંગળવારની સાંજની સભામાં પ.પૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજીનું સ્વાગત કરવામાં આવ્યું અને પ.પૂ. લાલજી મહારાજ તથા પ.પૂ. અ.સૌ.ગાદીવાળા પણ પધાર્યા. ધર્મકૂળ, મહંત સ્વામી તથા સૌ સંતોના સાંનિધ્યમાં શાકોત્સવ ઉજવાયો અને સૌ હરિભક્તોએ પ્રસાદનો લાભ લીધો. રાત્રે બહેનો અ.સો. ગાદીવાળા તથા શ્રી લાલીરાજાએ કાર્યક્રમ નિહાળી આનંદ વ્યક્ત કર્યો હતો.

ભાદરવા સુદ ૯ને બુધવારે પાટોત્સવનો મુખ્ય દિવસ હતો. સવારના ૮ વાગ્યે બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજ, મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને સ.ગુ. સ્વામી સનાતનદાસજી આદિ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યો. અનેક ભક્તોએ અભિષેકનાં દિવ્ય દર્શનનો લાભ લીધો. સવારની કથાબાદ ઠાકોરજી આગળ અન્નકૂટ ધરવામાં આવ્યો. સિંહાસનનાં શિખરો પર યજમાનવતીથી ધ્વજારોહણ કરવામાં આવ્યું. અને પાટોત્સવની આરતી ઉતારવામાં આવી. ત્યારબાદ આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપી અને કાર્ડિફથી વિદાય લીધી.

બુધવારે સાંજે મંદિરની આસપાસ રહેતા સ્થાનિકોને આમંત્રિત કર્યા. ખ્રિસ્તીઓ, મુસ્લિમો,શીખ જ્ઞાતિના લોકોએ ગુજરાતી ફરસાણ, મિષ્ઠાન અને શાકોનો સ્વાદ માણ્યો હતો. ભોજનબાદ યુવાનોએ ભાંગડા નૃત્ય કર્યું હતું અને એક કલાકાર અગ્નિ મસાલો પ્રગટાવી અને નાટક રજૂ કર્યું હતું. અંતમાં મંદિરની છત

ઉપરથી ભવ્ય આતસબાજી કરવામાં આવી હતી. અને સૌ સંતો તથા હરિભક્તો અને ખાસ કરીને બાળકોએ આતસબાજી નિહાળી ભાવવિભોર બન્યા હતા.

ગુરુવારે રાત્રે ભક્તિ સંગીતનો કાર્યક્રમ રાખેલ હતો. ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી ભજનપ્રકાશદાસજી તથા લંડનના આમંત્રિત ગાયક વિકેશભાઈ ચંપાનેરીએ ગીતોની રમઝટ બોલાવી હતી અને શ્રોતાજનોને ખુશ કર્યા હતા.

શુક્રવારના સાંજની કથા પછી મહારાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્ડિફના સ્વેલેક આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડીયમમાં સૌ બહેનો તથા ભાઈઓ અને સંતો પધાર્યા હતા. સ્ટેડીયમમાં સૌને મહાપ્રસાદ પીરસવામાં આવ્યો. બે કલાક સુધી રાસોત્સવ ચાલ્યો હતો. હરિભક્તોની ભીડ વચ્ચે સંતોનો અનેરો રાસ જામ્યો હતો અને સૌને માટે આ એક યાદગાર પ્રસંગ બની ગયો હતો.

શનિવારે પરિવર્તની એકાદશીના દિવસે ક્રિકેટ સ્ટેડીયમની બાજુના મેદાનમાં હિંદુ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ દીપ પ્રાગટ્ય કરી અને મેળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. હજારો હરિભક્તો, અન્ય હિંદુઓએ આ મેળાને નિહાળ્યો હતો. હિંદુ સનાતન ધર્મને સંબોધતા અનેક પ્રદર્શનો ગોઠવવામાં આવ્યા હતા. યુ.કે.માં અને ખાસ કરીને કાર્ડિફમાં રહેતા જે હિંદુઓ પોતાનો ધર્મ ભૂલી ગયા હોય તેમને હિંદુ ધર્મ કેટલો મહત્ત્વનો છે એ સમજાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. મેળામાં પધારેલા સર્વજનોને બપોરના સમયે મહાપ્રસાદરૂપી ફરાળી ભોજન પીરસવામાં આવ્યું હતું. યુ.કે.ના બધા સ્વામિનારાયણ મંદિરના યુવાનોએ આ મેળાને સફળ બનાવવા માટે સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. ભુજ તેમજ અમદાવાદના સંતો, હજારો સત્સંગીઓ અને અન્ય મહેમાનોના સાંનિધ્યમાં આ હિંદુ મેળો ખૂબ જ સફળ બન્યો હતો.

શનિવારે રાત્રે મગનીરાજા નામનું એક નાટક મંદિરના સ્ટેજ ઉપર રજૂ કરવામાં આવ્યું હતું. યુવાન કલાકારોએ પ્રેક્ષકોને ખૂબ હસાવ્યા હતા અને મગનીરામના જીવનની મહત્તા સમજાવી હતી.

રવિવારે સવારે શ્રી ઘનશ્યામ દશાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ઉત્સવના મુખ્ય યજમાન ગામ કેરાના પ્રવિણભાઈ કુંવરજી વાલજી કેરાઈ ધ.પ. નનીતાબેન તથા સુપુત્ર જતીન તથા સુપુત્રીઓ તૃષ્ણાબેન, રિશ્માબેન તથા શીરીનાબેન, ત્રણે જમાઈઓ પરેશભાઈ ખીમજી, ભરતભાઈ મનજી તથા રીકેશભાઈ વાલજીનું મહંત સ્વામીએ સન્માન કર્યું અને આશીર્વાદ આપ્યા હતા. પ્રવિણભાઈએ સાતે દિવસના પ્રસાદ તથા મહાપ્રસાદના તમામ ખર્ચની સેવાનો લાભ લીધો હતો અને મહંત સ્વામીએ ધન્યવાદ પાઠવ્યા હતા. સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી કૃષ્ણજીવનદાસજીએ હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. મંદિરના પ્રમુખ નારણભાઈ ભીમજી હાલાઈ તથા ઉપપ્રમુખ મનસુખભાઈ દેવજી હાલાઈએ આભાર વિધિ કરી હતી. પ્રમુખશ્રી નારણભાઈએ ૩૫ વરસ પ્રમુખપદે રહી અને મંદિરની સેવા કરી છે તે બદલ મહંત સ્વામીએ એમનું સન્માન કર્યું હતું. બપોરના મહાપ્રસાદ લઈને સૌ વિદાય થયા હતા અને આ દિવ્ય ઉત્સવ સમાપ્ત થયો હતો.

- રતના મુરજી હીરાણી

---

## વાર્ષિક જાહેર સભા : પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી

શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરની વાર્ષિક જાહેર સભા શનિવાર તા. ૧૪-૧૦-૨૦૧૭ના રોજ સાંજના મંદિરના ડાઈનિંગ હોલમાં બોલાવવામાં આવી હતી.

અધ્યક્ષશ્રી પ.ભ. મનજીભાઈ કાનજી

રાઘવાણીના આદેશ સાથે સભાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ ગત વાર્ષિક સભાની નોંધનું વાંચન કરેલ અને સને ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ વાંચીને સંભળાવેલ. ત્યારબાદ ખજાનચીશ્રી વિશ્રામભાઈ નાથાભાઈ ભંડેરીએ ૨૦૧૬નો વાર્ષિક આવક-જાવકનો હિસાબ સભા સમક્ષ વાંચી સંભળાવેલ હતો.

ત્યારબાદ વિદાય લેતી સમિતિએ કરેલ મંદિરની પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી તન, મન અને ધનથી કરવામાં આવેલ સેવા બદલ અધ્યક્ષશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ અને જુની સમિતિને બરખાસ્ત કરી સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે નવી કારોબારી સમિતિની રચના સર્વે હરિભક્તોની ઈચ્છાનુસાર સર્વાનુમતે કરવામાં આવેલ.

પ્રમુખશ્રી : મનજીભાઈ કાનજી રાઘવાણી - બળદીયા, ઉપપ્રમુખશ્રી : કાન્તીલાલભાઈ નારણ કેરાઈ - બળદીયા, મંત્રીશ્રી : મનોજભાઈ કરસન આસાણી - વેકરા, સહમંત્રીશ્રી : ભીખાલાલભાઈ વેલજી ગોરસીયા - સુખપર અને હિરજીભાઈ વેલજી આસાણી - વેકરા, ખજાનચીશ્રી : વિશ્રામભાઈ નાથા ભંડેરી - વેકરા, સહખજાનચીશ્રી : દિનેશભાઈ ધનજી વરસાણી - સામત્રા અને અરવિંદભાઈ નારણ ભુડીયા - સુખપર, કોઠારી : વિશ્રામભાઈ પ્રેમજી દબાસીયા - કોડકી, ઉપકોઠારી : કાન્તીલાલભાઈ માવજી રાબડીયા - માંડવી અને હિરજીભાઈ મનજી કારા - માંડવી, ઓડીટર : બાબુલાલભાઈ લાલજી હિરાણી - કોડકી, સભ્યો : પરબતભાઈ પ્રેમજી રાજાણી - રામપર, કુરજીભાઈ જાદવા છભાડીયા - માંડવી, ખીમજીભાઈ શીવજી ભુડીયા - માંડવી, રમેશભાઈ કાનજી રાઘવાણી - બળદીયા, દેવરાજભાઈ ઝીણા વેકરીયા - બળદીયા, લાલજીભાઈ દેવશી ગરારા - બળદીયા, જયકિશનભાઈ પિઠડીયા - નૈરોબી, હરિશભાઈ સોની - નૈરોબી, શીવજીભાઈ સામજી વેકરીયા - માંડવી, ઉમેશભાઈ કલ્યાણ કેરાઈ - બળદીયા, રામજીભાઈ દેવશી વેકરીયા - બળદીયા, બાલયુવક : વીરજીભાઈ કાનજી રાઘવાણી - બળદીયા, ટ્રસ્ટીશ્રીઓ : લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી - બળદીયા, મનજીભાઈ કાનજી રાઘવાણી - બળદીયા, નારણભાઈ મનજી કેરાઈ - બળદીયા, પરબતભાઈ પ્રેમજી રાજાણી - રામપર, વીરજીભાઈ મેઘજી પિંડોરીયા - માંડવી, સ્કૂલ અને હોસ્પિટલ : લાલજીભાઈ દેવશી ગરારા - બળદીયા - અરવિંદભાઈ મનજી રાઘવાણી - બળદીયા, ધવલભાઈ વી. સોની - નૈરોબી, સેવા : ભીમજીભાઈ લક્ષ્મણ રાઘવાણી - નૈરોબી, બિલ્ડીંગ : ધનજીભાઈ લક્ષ્મણ રાઘવાણી - નૈરોબી, વીરજીભાઈ મેઘજી પિંડોરીયા - માંડવી, બાબુલાલભાઈ લાલજી હિરાણી - કોડકી, મેઘજીભાઈ કરસન વરસાણી - સામત્રા, પરબતભાઈ પ્રેમજી રાજાણી - નૈરોબી

- મનોજભાઈ કરસન આસાણી

---

# સુહૃભાવ શિબિર : ઓસ્ટ્રેલીયા

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ આયોજિત સત્સંગ શિબિર ઓસ્ટ્રેલીયામાં પહેલી વાર કરવામાં આવી હતી. બે પ્રાંતમાં સીડની અને પર્થ એમ બે સ્થાનમાં કરવામાં આવી હતી. ભુજ મંદિરેથી સંતો પધારી આ શિબિરોને શોભાવતી કરી હતી. પ્રથમ ત્રણ સંતો અગાઉ તૈયારી માટે પધાર્યા હતા. પછી શિબિરના થોડા દિવસ પહેલા ત્રણ વડીલ સંતો અને પછીથી બે સંતો સીડની પધાર્યા હતા. બંને શિબિરોનું મુખ્ય ટાઈટલ "સુહૃભાવ" રાખવામાં આવેલ હતું.

**પર્થ શિબિર :**

પર્થ શિબિરમાં ટોટલ સંખ્યા ૧૪૩ જેટલા ભાઈઓ અને બહેનો મળીને ભાગ લીધો હતો. પાંચ સંતોની હાજરીમાં આ શિબિરનું આયોજન થયું હતું. પર્થ મંદિરેથી બે કલાક દૂર સ્થાન 'વોકાલપ' છે ત્યાં શિબિર રાખવામાં આવી હતી.

તા. ૨૨-૯-૨૦૧૭ના પહેલા દિવસ શુક્રવારના શિબિર સ્થાન પર પહોંચી વાજતે-ગાજતે

મંડળીની સાથે દીપ પ્રાગટ્યથી શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. સાંજના સત્રમાં શા. સ્વામી સંતસ્વરૂપદાસજીના મુખેથી પરિવારમાં કેવી રીતે સુહૃદભાવ રાખવો અને બાળકોમાં સંસ્કાર સિંચન કેવી રીતે અને ક્યારથી શરૂઆત કરવી આ બાબતમાં પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવી હતી.

સાંજ સવાર કથાવાર્તા, ધૂન, નિત્ય-નિયમ રાબેતા મુજબ ચાર દિવસ દરમ્યાન કરવામાં આવ્યા હતા. જેમાં વડીલ સંત પુરાણી સ્વામી ભગવદ્જીવનદાસજીની અમૃતવાણીનો લાભ હરિભક્તોએ લીધો હતો. શા. સ્વામી ગોલોકવિહારીદાસજીએ સાંજે કથાવાર્તાનો લાભ આપ્યો હતો. દરરોજ દિવસ દરમ્યાન ગ્રુપ એક્ટીવીટી, ટ્રેશર હન્ટ વગેરે જે રમત-ગમતની સાથે સત્સંગનો અમૂલ્ય લાભ સર્વે શિબિરાર્થીઓએ ખૂબ લીધો હતો. ત્રણ ટાઈમ હરિભક્તો સારા સાર પકવાનો ઠાકોરજીને જમાડી, પ્રસાદનો મહિમા સમજી, પ્રસાદ બનાવવાનો તથા માણવાનો ખૂબ લાભ લીધો હતો. શા. સ્વામી દેવચરણદાસજીએ સર્વે હરિભક્તને સવારે યોગાનો પણ લાભ આપ્યો હતો. દરરોજ રાત્રી સમય જમ્યા પછી 'બ્રોન્ફાયરના' કુંડાળે સંત સમાગમનો લાભ હરિભક્તોએ લીધો હતો.

શનિવારના દિવસો શા. સ્વામી દેવચરણદાસજીએ સત્સંગમાં સુહૃદભાવ કેવી રીતે રાખવો, ઉપાયો સહિત પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કર્યો હતો. હરિભક્તો તર્ક-વિતર્ક કરી પ્રશ્નોનું સમાધાન મેળવ્યું હતું. રાત્રીના સમય હરિકૃષ્ણ મહારાજથી વીટાયેલા સંતો અને હરિભક્તો સાથે મળી રાસોત્સવની રમઝટ સાંજે ૭:૩૦ થી ૮:૩૦ દરમ્યાન બોલાવી હતી.

શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીની આગેવાનીમાં સવારના સત્રમાં શનિવાર અને રવિવારના સવારે ૬:૩૦ વાગ્યે સમૂહ પૂજામાં હરિભક્તોએ લાભ લીધો હતો. રવિવારના દિવસે 'ઓપનડે' રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦-૧૨૦ હરિભક્તો જે ચાર દિવસ શિબિરમાં ભાગ નહોતા લઈ શક્યા તેઓને પણ લાભ મળ્યો હતો. તે દિવસ શા. સ્વામી દેવચરણદાસજીએ ભુજ મંદિર આયોજિત વિવિધ પ્રકારની યુવક મંડળ અને સંત મંડળની પ્રવૃત્તિનું દર્શન પ્રેઝન્ટેશન દ્વારા કરવામાં આવ્યું હતું. સાંજના સત્રમાં હરિભક્તોની માંગને માન્ય કરી શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ ભુજ મંદિરની મહંત પરંપરા અને જીવન આખ્યાનોની ખૂબ વાતો કરી અને ભક્તોને આનંદિત કર્યાં.

સોમવારના દિવસે સવારની આરતી, કથાવાર્તા, નિત્યનિયમ કરી ગ્રુફ ફોટો, કોન્કલુંસ્ન, આભારવિધિ, ભુજ મંદિર દ્વારા દરેક હરિભક્તોને ભેટ અર્પણ, સભા સુશોભનનું વિસર્જન કરી અને શિબિરની સમાપ્તી કરી હતી. ફ્રુટનો પ્રસાદ લઈ સર્વે હરિભક્તો અને સંતો આનંદથી પર્થ તરફ સિધાવ્યા. સાંજના સમે શિબિર નિમિત્તે પર્થ મંદિરમાં સર્વે હરિભક્તોના સાંનિધ્યમાં અને સંતોની હાજરીમાં ભવ્ય ઠાકરથાળીનો ઉત્સવ ઉજવામાં આવ્યો હતો.

- સંયોજકશ્રી સુરેશભાઈ વરસાણી

---

## ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ સંયુક્ત સત્સંગ શિબિર સંપન્ન

સીડની ઈન્ટર સ્ટેટ શિબિરમાં ૪૦૦ જેટલા હરિભક્તો મળીને ભાગ લીધો હતો. જેમાં સીડની, મેલબોર્ન, એડેલેઈડ અને બ્રસ્બેનથી હરિભક્તો પધાર્યા હતા. ૭ સંતોની હાજરીમાં આ શિબિરનું આયોજન થયું હતું. શિબિરનું સ્થળ જે "યારામુંડી કેમ્પ સાઈટ" હતું. શિબિરના પ્રથમ દિવસે વાજતે-ગાજતે પદયાત્રા અને દીપપ્રાગટ્યથી શુભ શરૂઆત થઈ હતી. જેમાં મહારાજની પાલખી સાથે દરેક સ્ટેટના હરિભક્તોએ મશાલો પ્રગટાવી હતી.ત્યારબાદ શા. સ્વામી સંતસ્વરૂપદાસજી દ્વારા પરિવારમાં સહૃદભાવ અને બાળકોમાં સંસ્કાર સિંચનનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

દરેક પ્રેઝન્ટેશન પૂર્ણ થયા બદા ગ્રુપ એક્ટીવીટી રાખવામાં આવેલ હતી. હરિભક્તો બપોરના સમયમાં ૨:૦૦ થી ૪:૩૦ દરમ્યાન વિવિધ પ્રકારોની રમત ગમત રમી અને મોજ માણી હતી. ગેમ્સમાં બોક્સ ક્રિકેટ, રીંગ સોકર, કબડ્ડી, ખો-ખો આદિક રમતો હતી. હરિભક્તોને ૪ ટાઈમ ખુબ સરસ પ્રસાદ મલતો તેની વ્યવસ્થા રસોડાના હરિભક્તો દ્વારા થઈ રહી હતી.

શનિવારના દિવસે સવારે સમૂહ પૂજાનું આયોજન પણ થયેલ હતું. ત્યારબાદ શા. સ્વામી દેવચરણદાસજી દ્વારા ''સત્સંગ અને મનુષ્યો પ્રત્યે એકતા''નું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સર્વે શિબિરાર્થીઓએ ૧૦૮ દંડવત્ પ્રણામ કરીને મહારાજને રાજી કર્યા હતા. સાંજના સત્રમાં શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી દ્વારા ભુજ મંદિરના મહંત સંતોના જીવનચરિત્રોની વાતો કરી હતી. ત્યારબાદ દરેક સ્ટેટના હરિભક્તો દ્વારા ''ઓઝી ટેલેન્ટ શો''ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સ્ટેટ ૧૦ થી ૧૫ મિનિટમાં જુદા જુદા રૂપકો કર્યા અને સર્વેને આનંદ આપ્યો.

રવિવારના દિવસે શુભ પ્રભાતે અને એકાદશીના દિવસે શા. સ્વામી સંતસ્વરૂપદાસજીએ મહાપૂજાનો અમૂલ્ય અવસર સર્વે હરિભક્તોને આપ્યો. ત્યારબાદ શા. સ્વામી દેવચરણદાસજીએ ''ભુજ મંદિર આયોજિત વિવિધ પ્રવૃત્તિ''નું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજીના આશીર્વચનનો અવસર સહુ હરિભક્તોને મળ્યો. એકાદશીનો દિવસ હોવાથી સાંજે જાગરણનો લાભ હરિભક્તોએ લીધો અને સાથોસાથ રાસોત્સવનો આનંદ સર્વે હરિભક્તોએ લીધો.

છેલ્લા દિવસે સવારમાં સમૂહ પૂજા રાખવામાં આવી હતી અને ત્યારબાદ શા. સ્વામી હરિસ્વરૂપદાસજી દ્વારા ''રાજીપો''નું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શિબિરની પૂર્ણાહુતિમાં સર્વે શિબિરાર્થીઓને મેડલ આપી, સ્નેહમિલન, ગ્રુપ ફોટો લઈ અને પાછા પોત પોતાના સ્થાને હરિભક્તો સિધાવ્યા હતા.

- સંચાલકશ્રી દિપકભાઈ રાબડીયા

---

## ૬૩મો વાર્ષિક પાટોત્સવ : શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબીનો ૬૩મો વાર્ષિક પાટોત્સવ તા. ૫-૧૦-૨૦૧૭ ગુરુવાર શરદપૂનમના રોજ ધામધૂમથી ઉજવાઈ ગયો. પાટોત્સવ પ્રસંગે શ્રી નિષ્કુળાનંદ મુનિ રચિત શ્રી પુરુષોત્તમપ્રકાશ સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ હતું. પારાયણની શરૂઆત સોમવાર થા. ૨-૧૦-૨૦૧૭ના રોજ કરવામાં આવી હતી. અને તા. ૮-૧૦-૨૦૧૭ના રવિવારના રોજ પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. રવિવાર તા. ૧-૧૦-૨૦૧૬ના સાંજે ૪:૦૦ કલાકે મંદિરમાં ઠાકોરજી આગળ પોથી પૂજન કરી પોથીયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. મંદિરના આંગણામાં લેઝીમ બેન્ડના સથવારે અને ઝાંઝપખાજ મંડળીના સાંનિધ્યમાં બહેનો હરિભક્તોના મસ્તક ઉપર ધારણ કરેલ પોથીઓ શોભી રહ્યી હતી. પોથીયાત્રામાં સંતો અને મોટી સંખ્યામાં હરિભક્તો ભાઈઓ-બહેનો જોડાયા હતા. ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં પોથીયાત્રા કાઢવામાં આવી હતી.

ભુજ મંદિરના સ.ગુ. પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના મંડળના સંતો સ.ગુ.પુ. સ્વામી માધવપ્રસાદદાસજી, શા. સ્વામી શૌનકમુનિદાસજી અને શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સવાર સાંજ વ્યાસાસને બિરાજી સુમધુર શૈલીમાં કથા રસપાન કરાવ્યું હતું. ગુરુવાર તા. ૫-૧૦-૧૭ના શરદપૂનમના રોજ સવારે ૫:૩૦ કલાકે બ્રાહ્મણના મુખે થયેલ મંત્રોચ્ચાર સાથે સંતોએ શ્રીઘનશ્યામ મહારાજનો પંચામૃત અભિષેક

કર્યો હતો. અભિષેક દર્શન કરવા માટે સવારે ૫:૦૦ વાગ્યાથી જ હરિભક્તો મોટી સંખ્યામાં આવી ગયા હતા. ત્યારબાદ શ્રીઘનશ્યામ મહારાજના અભિષેકની આરતીના દર્શન પણ ભક્તોએ ખુબ ભાવથી કર્યા હતા. ત્યારબાદ કથા પ્રસંગ અને સાથે સાથે શિખરો ઉપર ધજારોપણ કરવામાં આવ્યું હતું. કથા પૂર્ણ થયા બાદ શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી સહજાનંદ સ્વામી, શ્રીનરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવની સાથે સાથે ગણપતિ મહારાજ, હનુમાનજી મહારાજ, રામ પરિવાર, શિવ પરિવાર, સૂર્યનારાયણ, શેષ નારાયણ આદિ દેવોને અન્નકૂટ ધરાવી પાટોત્સવની આરતી ઉતારવામાં આવી હતી. સાંજે કથા વિરામ બાદ શરદપૂનમનો રાસ સર્વે હરિભક્તો આનંદથી રમ્યા હતા. રાસ બાદ સર્વે ભક્તોને દૂધ પૌંઆનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

શનિવાર તા. ૭-૧૦-૧૭ના રોજ બપોરે ૩:૩૦ કલાકે શ્રી ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન વિદ્વાન સંતોએ કરાવ્યું હતું. ત્યારબાદ શ્રીઠાકોરજીની નગરયાત્રા કરવામાં આવેલ હતી. યુવાનોએ બેન્ડ અને ઢોલના નાદે નૃત્યની સાથે નગરયાત્રા દર્શનીય બનાવી હતી. સાંજના કથાસત્ર વિરામબાદ શ્રી પૂ. આ. સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી, શ્રી ક.સ.સ્વામિનારાયણ મંદિર, મોમ્બાસા અને શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર કિસુમુ અને નકુરુ મંદિરના આગેવાનોએ પ્રાસંગિક પ્રતિભાવો આપ્યા હતા.

રવિવારના રોજ સવારે એક અનોખો મહોત્સવ ઉજવાયો હતો. આજ રોજ સવારે શ્રી ઘનશ્યામ મહારાજની આગળ સંતોના માર્ગદર્શન અનુસાર ફળકૂટ ભરવામાં આવેલ હતો. શ્રી ઘનશ્યામ મહારાજની આગળ વિવિધ પ્રકારના ફળોનો કલાત્મક રીતે સુશોભન કરેલ ફળકૂટ ભરવામાં આવેલ હતો. સાથે સાથે વિવિધ પ્રકારના ફળોનો રસ પણ ઠાકોરજીને અર્પણ કરવામાં આવેલ હતા. નવિન પ્રકારના દર્શન કરી હરિભક્તો રાજી થયા હતા. રાજોપચાર પૂજન અને ફળકૂટમાં સેવા કરનાર તમામ યુવાનોએ સંતોનો અને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો રાજીપો મેળવ્યો હતો.

રવિવાર તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ રક્તદાન કેમ્પનું સરસ આયોજન કરવામાં આવેલ હતું. દરેક હરિભક્તોના લોહીનું સુગર પરિક્ષણ તેમજ લોહીના દબાણનું પણ પરિક્ષણ કરવામાં આવેલ હતું. સાથોસાથ દરેક ભક્તોની આંખનું પરિક્ષણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૨૦૦ ઉપરાંત ભાઈઓ-બહેનો ભક્તોએ લોહીનું દાન કર્યું હતું. અને ૩૦૦ ઉપરાંત ભક્તોની આંખ તપાસવામાં આવી હતી. જેના આંખની વધારે તપાસ કરવાની જરૂરિયાત જણાઈ તેવા ભક્તો માટે આંખની હોસ્પિટલમાં તપાસની સગવડ કરવામાં આવેલ હતી.

પુર્ણાહુતિના દિવસે રવિવાર સવાર અને બપોરે મહાપ્રસાદરૂપી ભોજન શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી તરફથી પીરસવામોં આવેલ હતું.

સવાર સાંજ હરિભક્તો કથા સાંભળવા મોટી સંખ્યામાં પધારતા હતા. દરરોજ સાંજે કથાનો પ્રસાદ અલગ અલગ યજમાન પરિવાર તરફથી વહેંચવામાં આવતો હતો. દરરોજનો પ્રસાદ બનાવવામાં અને રવિવારે બંને સમયનું ભોજન બનાવવામાં ભાઈઓ ઉપરાંત મુખ્યત્વે બહેનોની સેવા પ્રશંસનીય રહી હતી. મન, કર્મ અને વચનથી પાટોત્સવમાં સેવા કરનાર તેમજ પ્રસંગ ઉપર આર્થિક સહયોગ આપનાર નામી અનામી સર્વે હરિભક્તોનો મંત્રીશ્રીએ આભાર માની પારાયણની સમાપ્તિ કરવામાં આવી હતી.

- મંત્રીશ્રી નારણભાઈ રવજી ગોરસીયા

---

## દિવાળી તથા નૂતન વર્ષની ધામધૂમથી ઉજવણી : એડેલાઈડ

ભુજ મંદિરના મહંત સ્વામી અને સર્વે વડીલ સંતોના આશીર્વાદથી નિર્માણ પામેલા શ્રી સ્વામિનારાયણ મંદિર, એડેલાઈડમાં પરંપરાગત રીતે,

સત્સંગની મર્યાદામાં રહીને ઓસ્ટ્રેલીયા જેવા દેશમાં પણ સર્વે હરિભક્તોએ દિવાળી તથા નવા વર્ષની ઉજવણી કરી હતી.

વર્ષથી સૌથી મોટા આ પર્વમાં બધા હરિભક્તોએ પોતાના નોકરી-ધંધામાંથી અનુકૂળ સમય કાઢી અને રજા લઈ હોંશભેર સેવા કરી શ્રી ઘનશ્યામ મહારાજને રાજી કરવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો હતો.

માત્ર આટલું જ નહિ મંદિર દ્વારા આ વર્ષે ઓસ્ટ્રેલીયામાં વસતા ૩૦ લાખ જેટલા ગરીબ લોકો મોટા FoodBankના સહયોગથી Long Life Milk & Rice એકઠા કરવામાં આવ્યા હતા. મંદિરે ૮૦૦ લીટર દૂધ અને ૫૦૦ કિલોગ્રામ ચોખાનો ફાળો ભેગો કર્યો હતો જે જરૂરિયાતમંદ લોકોને પુરું પાડવામાં આવશે. શ્રીજી મહારાજે કહ્યું છે કે મારો સત્સંગી ક્યારેય અન્ન વસ્ત્રાદિકે દુઃખી નહિ થાય ત્યારે શ્રી સ્વામિનારાયણ મંદિર, એડેલાઈડે આ વખતે શ્રીજી મહારાજની કૃપા અને મહંત સ્વામીના આશીર્વાદ તથા અનુકંપાથી ગરીબ વર્ગને સહાય કરવાનું ઉમદા કાર્ય કર્યું હતું.

મંદિરમાં દિવાળી ઉત્સવની ઉજવણીની તૈયારીઓ સપ્તાહ અગાઉથી જ ચાલુ થઈ ગઈ હતી. મંદિરના સર્વે કાર્યકર્તાઓએ મંદિરની અંદર તથા બહાર સફાઈ કાર્ય હાથ ધર્યું હતું અને મંદિરની ચોતરફ લાઈટની સેર લગાવી હતી. રાત્રીને સમયે આખું મંદિર પ્રકાશથી ઝગમગી ઉઠ્યું હતું. સાથે સાથે રસોડામાં અન્નકૂટની તૈયારીઓ પણ પુરજોશમાં ચાલુ હતી. દરરોજ સાંજે તથા શનિ-રવિ આખો દિવસ ઠાકોરજી માટે વિવિધ પ્રકારની વાનગીઓ અગાઉથી તૈયાર કરેલ યાદી મુજબ બનાવવમાં આવતી હતી. ભુજના મહંત સ્વામીનો દીપાવલી શુભાચ્છાપત્ર સૌ યુવક મંડળના યુવાનો સત્સંગીઓને ઘેર ઘેર જઈ આપવાની સેવા કરી હતી.

તા. ૧૯-૧૦-૨૦૧૭ દિવાળીના દિવસે સર્વે હરિભક્તોએ સાથે મળીને લક્ષ્મીપૂજન કર્યું હતું. મંદિરના નિયમિત ગોર મરાજે બધા પાસે પૂજન કરાવ્યું હતું અને ત્યારબાદ મંદિરના પ્રાંગણમાં બાળકોએ તારામંડળ સળગાવી દિવાળી ઉજવી હતી. ઓસ્ટ્રેલીયા દેશમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ હોવાથી બાળકોએ માત્ર તારામંડળ ફોડી દિવાળી ઉજવી હતી.

તા. ૨૦-૧૦-૨૦૧૭ બેસતા વર્ષના રોજ વહેલી સવારે ૫ વાગ્યાથી અન્નકૂટની સેવા શરૂ થઈ ગઈ હતી અને ૧૦ વાગે શ્રી ઘનશ્યામ મહારાજને તથા અન્ય દેવોને ૨૩૦ પ્રકારની વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ અન્નકૂટની આરતી ઉતારવામાં આવી હતી. આરતીબાદ સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વે હરિભક્તોએ એક બીજાને ગળે મળીને નવા વર્ષના જય શ્રી સ્વામિનારાયણ કહીને શુભેચ્છાઓ પાઠવી હતી અને પછી ગાંઠીયા જલેબીનો પ્રસાદ લીધો હતો.

દિવસ દરમ્યાન અનેક હરિભક્તોએ અન્નકૂટના દર્શનનો લાભ લીધો હતો. સાંજે ૬:૩૦ વાગે સંધ્યા આરતી બાદ સાંજના પર્વની ઉજવણી શરૂ થઈ હતી. ભુજ મંદિરના મહંત સ્વામીના આશીર્વાદનો પત્ર વાંચવામાં આવ્યો હતો. મંદિર વિસ્તારના સંસદ શ્રીમાન બ્લેર તથા ઝોઈ એ મંદિરમાં હાજરી આપી સભાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. મંદિર તથા સર્વે હિન્દુ સમાજ માટે આ બહુ મોટી ગર્વ લેવા જેવી વાત હતી કે ઓસ્ટ્રેલીયા દેશના સાંસદ મંદિરમાં આવ્યા હતા અને દિવાળીની ઉજવણીમાં જોડાયા હતા. તેમના સંબોધનબાદ રાત્રીના ૮ વાગ્યે લેઝીમ તથા બેન્ડ સાથે અન્નકૂટની મહાઆરતી કરવામાં આવી હતી અને આખું મંદિર ભક્તિમય રંગથી રંગાઈ ગયું હતું. આરતી બાદ સર્વે ભક્તોએ અન્નકૂટનો મહાપ્રસાદ લીધો હતો.ત્યારબાદ સર્વે સાથે મળીને ફોટા પડાવી આ પ્રસંગને કેમેરામાં કંડારી લીધો હતો.

ત્યારબાદ શ્રી નરનારાયણદેવના ચરણોમાં સર્વે પ્રાર્થના કરી કે આગામી વિક્રમ સંવત્ ૨૦૭૪નું વર્ષ લાભદાયી અને શુભ રહે. શ્રીજી મહારાજનો સત્સંગ ઉપર

આવોને આવો રાજીપો રહે અને સત્સંગમાં પ્રગતિ થાય. શ્રીજી મહારાજને રાજી કરવાનું પ્રોત્સાહન ને બળ સતત મળતું રહે.

- મનજીભાઈ આસાણી

---

## દિવાળી તથા અન્નકૂટ ઉત્સવની ઉજવણી : બોલ્ટન

દરવર્ષની જેમ આ વર્ષે પણ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર, બોલ્ટન મંદિરમાં દિવાળીના દિવસો તેમજ અન્નકૂટ ઉત્સવ સૌ સાથે મળીને ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

તેમાં સૌ પ્રથમ સૌથી ઊંચો આંક આપી પહેલી આરતીનો લાભ ગામ બળદીયાના અ.નિ. કાન્તાબેન મનજી રાઘવાણી સહપરિવાર સાથે મળીને લાભ લીધો હતો. તેવીજ રીતે ભીમજીભાઈ કરસન અજવાણી સહપરિવાર - બળદીયા, વિનોદભાઈ મનજી હાલાઈ સહપરિવાર - કુંદનપર, અ.નિ. વાલબાઈ કેશરા લીંબાણી હસ્તે ઘનશ્યામભાઈ સહપરિવાર - દહીંસરા, અ.નિ. રાધાબાઈ હરજી કાનજી સહપરિવાર આમ જુદા જુદા હરિભક્તો તરફથી આજના શુભ દિવસે સેવા આપી આરતીનો લાભ લીધો હતો. ત્યારબાદ સૌ હરિભક્તો સાથે મળીને મંદિર તરફથી ભોજનરૂપી મહાપ્રસાદ સ્વીકારી છૂટા પડ્યા હતા.

- મનજીભાઈ ગાંગજી હાલાઈ

---

## સામાન્ય સભા અને કમીટીની રચના : સીડની-ઓસ્ટ્રેલીયા

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, સીડની-ઓસ્ટ્રેલીયાની સામાન્ય સભા તા. ૨૩-૯-૨૦૧૭ના રોજ બોલાવવામાં આવી હતી. જેમાં ગત વાર્ષિક સભાનો અહેવાલ વાંચી સંભળાવેલ અને બધા હરિભક્તોના રાજીપાથી કાર્યક્રમ આગળ વધ્યો હતો. મંદિરના ખજાનચીએ સંસ્થાના વર્ષ જુલાઈ ૨૦૧૬ - જુન ૨૦૧૭ના વાર્ષિક હિસાબોનો અહેવાલ રજૂ કર્યો, જે સભામાં હાજર રહેલા સર્વે હરિભક્તોએ આનંદપૂર્વક વધાવ્યો હતો.

ત્યારબાદ અધ્યક્ષશ્રીની રજાથી હાલની કમીટી નિવૃત્ત થઈ અને કાર્યવાહિક કમીટી જુલાઈ ૨૦૧૭ થી જુન ૨૦૨૦ સુધીની નવી કમીટીની રચના નીચે મુજબ કરવામાં આવી.

**ટ્રસ્ટી મંડળ :** મુખ્ય ટ્રસ્ટી મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, માવજીભાઈ કરસન રાજાણી - રામપર, નારણભાઈ મનજી વરસાણી - બળદીયા, કરસનભાઈ શીવજી કેરાઈ - નારણપર, દિનેશભાઈ કેશરા ખેતાણી - ઉ.સુખપર, રવિભાઈ શીવજી હાલાઈ - દહીંસરા, નાનજીભાઈ પ્રેમજી જેસાણી - બળદીયા.

કાર્યવાહિક કમીટીના સભ્યો : અધ્યક્ષશ્રી દિનેશભાઈ કેશરા ખેતાણી - ઉ. સુખપર, ઉપાધ્યક્ષશ્રી નાનજીભાઈ પ્રેમજી જેસાણી - બળદીયા, મંત્રીશ્રી રવિભાઈ શીવજી હાલાઈ - દહીંસરા, સહમંત્રીશ્રી નિતીનભાઈ મનજી હીરાણી - માનકુવા, ખજાનચીશ્રી દિનેશભાઈ રવજી જેસાણી - બળદીયા, સહખજાનચીશ્રી લક્ષ્મણભાઈ રામજી વેકરીયા - બળદીયા, સભ્યો : ધનજીભાઈ મનજી વરસાણી - બળદીયા, દિપકભાઈ કાનજી રાબડીયા - બળદીયા, નિતીનભાઈ કેશરા ખેતાણી - ઉ.સુખપર, જેન્તીભાઈ રૂડા રાજાણી - રામપર, ધનજીભાઈ વેલજી વેકરીયા - ઉ. સુખપર, રવજીભાઈ કેશરા વાઘજીયાણી - નારણપર, કલ્યાણભાઈ કેશરા વાઘજીયાણી - નારણપર, ભાવેશભાઈ ખીમજી છભાડીયા - માંડવી.

ત્યારબાદ જયઘોષ બોલી સભાને પૂર્ણ કરવામાં આવી હતી.

- મંત્રીશ્રી રવીભાઈ શીવજી હાલાઈ

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૧૦૦૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર, ગાલા કેમ્પ, અલતુર્કી, મસ્કત, અન્નકૂટ નિમિત્તે શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ, સુત ભીમજી કરસન ધ.પ. ધનબાઈ સહપરિવાર, બળદીયા શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૫૦૦/- નિત્યરાજસિંહ એસ. જાડેજા, જામનગર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૫૦૦/- દેવશી લાલજી હીરાણી, માનકુવા, નવું ટ્રેક્ટર ખરીદ્યું તે નિમિત્તે ભેટ

૧૫૧/- પંક્તિબેન અશ્વિનભાઈ ગોવિંદભાઈ, પટેલ હ. અશ્વિનભાઈ, દોલતપર, ચિ. પંક્તિના જન્મ નિમિત્તે ભેટ

૨૦૦/- વિવેકકુમાર શાંતિલાલભાઈ ગોગારી, હ. નાનજીભાઈ, ઘડાની હાલે બોઈસર, પુત્ર રત્ન નિમિત્તે ભેટ

૨૦૦/- ઈશ્વરલાલ નાનજી નાકરાણી, આમારા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૩૦૧/- આયુષ રવજી મેપાણી, આદર્શ રવજી, મેપાણી હ. જયાબેન રવજી, સુરજપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૦૦/- રામજી ધનજી હીરાણી, સરલી, પ્રવિણ સામજી હીરાણીને ત્યાં પુત્રી જન્મ થતાં ભેટ

૨૦૦/- હેત નાનજી પિંડોરીયા, દહીંસરા, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- પ્રેમબાઈ મનજી રામજી વાઘજીયાણી, હ. મનજી રામજી વાઘજીયાણી, સુખપર, ઠાકોરજીને થાળ, વાઘા અર્પણ તથા સોનાની બે ચેન સેવાર્થે ભેટ

૨૫૧/- હરજી વેલજી વરસાણી, માધાપર, નવી એક્ટીવાની ખરીદી કરી તે નિમિત્તે ભેટ

૨૫૧/- શિવજી ધનજી માસ્તર પરિવાર, માધાપર, અન્નકૂટ નિમિત્તે ભેટ

૧૫૧/- અરવિંદ માવજી પ્રેમજી વરસાણી, માધાપર, નવી બાઈકની ખરીદી કરી તે નિમિત્તે ભેટ

૧૫૧/- પુરુષોત્તમ દેવજી ભુડીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૫૫/- પ્રેમજી તેજા વેકરીયા, બળદીયા હાલે સીસલ્સ, જન્મદિવસ નિમિત્તે ભેટ

૫૦૦/- ભાવિકાબેન ભરત રાઘવાણી, બળદીયા ની.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૧/- કાનજીભાઈ માવજીભાઈ નાકરાણી, અંજાર, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૫૦૦/- અનિલ અરવિંદભાઈ ખેતાણી હ. લક્ષ્મણ માવજી, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- પ્રિયલ હિતેશભાઈ હાલાઈ હ. માવજીભાઈ, નૈરોબી, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- હસ્તીબેન વિપુલભાઈ હાલાઈ હ. વાલજીભાઈ હાલાઈ, નૈરોબી, જન્મદિવસ નિમિત્તે ભેટ

૫૦૦/- દેવશી રત્ના વરસાણી, માનકુવા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ










સુહૃદ્ભાવ શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર - પર્થ - સિડની (ઓસ્ટ્રેલીયા), ન્યુઝીલેન્ડ









સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ ઉજવાયો. પૂર્વ આફ્રિકા મંદિર-નાઈરોબી



મા. ગુજરાતના મુખ્યમંત્રી તથા ઉપમુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા નીતિનભાઈ પટેલ તેમજ ઉત્તર પ્રદેશના મા. મુખ્ય મંત્રીશ્રી યોગી આદિત્યનાથનું ભુજ મંદિરમાં દર્શનાર્થે આગમન-ભુજ



અન્નકૂટ માટે વિવિધ વાનગીઓ બનાવતા સંતો-પાર્ષદો તથા હરિભક્તો-ભુજ



કચ્છશ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળની ૧૪મી સત્સંગ શિબિર સંપન્ન-ભુજ







મુંદ્રા શેહરમાં તૈયાર થયેલ નૂતન મંદિરનું વાસ્તુપૂજન સંપન્ન-મુંદ્રા



ભુજ મંદિરની વાડીમાં ચોમાસુ મગફળીના ઢગલાઉપર ઠાકોરજીની પધારમણી